MNE/413/2019-21

# વોઈસ ઓફ ઘાટકોપર

www.vognewslive.com | /vognewslive

બેસ્ટ ન્યુઝપેપર ઈન ટાઉન એવોર્ડ વિજેતા ઘાટકોપરનું પ્રિમીયમ ન્યુઝપેપર

Office : A-1, Basement, Satyam Shopping Centre, M.G.Road, Ghatkopar(East), Mumbai - 400 077. ☎ : 022-40229684

વર્ષ : 13 • અંક : 33 • સળંગ અંક : 520 • મુંબઈ • શુક્રવાર • તા.4 સપ્ટેમ્બર – 10 સપ્ટેમ્બર 2020 • પાના : 16 • કિંમત રૂ.4

## શાંતી-સુધા પાર્ક વિસ્તારમાં ગાડીનો કાંચ તોડી ચોરીની વધતી ઘટના

ઘાટકોપરના પોશ વિસ્તાર તરીકે પ્રખ્યાત શાંતી-સુધા પાર્ક, ઘાટકોપર ઈસ્ટમાં કોરોના લોકડાઉન અને ચોમાસા દરમ્યાન રાત્રીના સમયે મોટરકારનો કાંચ તોડી વિવિધ ચોરીના બનાવો વધી રહ્યા છે. સ્થાનિય રહેવાસીએ વોઈસ ઓફ ઘાટકોપરને માહિતી આપતા જણાવ્યું કે લોકડાઉનને લીધે લોકોની અવરજવર ખુબ ઓછી છે ઉપરાંત વરસાદને લીધે રાત્રિના સમયે લગભગ ૧૨-૪ દરમ્યાન માર્ગ પર લાઈટો બંધ થઈ જતી હોવાથી તેનો લાભ લઈ અમુક બાઈક પર આવતા યુવાનો મોકાનો લાભ લઈ ગાડીનો કાચ તોડી ચોરી કરી રહ્યા છે. જો કે માહિતી આપતા સ્થાનિય રહેવાસી યુવતીએ જણાવ્યું કે લોકડાઉન પહેલા પોલીસનું રાઉન્ડ અપ હોવાથી આવી ઘટનાએ ખૂબ ઓછી થતી હવે સ્ટ્રીટ લાઈટ પણ બંધ હોવાથી અને પોલીસનો બંદોબસ્ત રાઉન્ડ અપ ઓછો થવાથી કારના






કાચ તોડવાની અને ચોરીની ઘટનાઓમાં વધારો થયો છે.

ઉલ્લેખનીય છે કે સ્થાનિક રહેવાસીઓની પોલીસને ફરિયાદ અને સીસીટીવી વગેરે પંગણાઓ દ્વારા સોસાયટીઓએ સુરક્ષા અંગે વધુ જાગૃત બનવું પણ જરૂરી બન્યું છે.

## એન વોર્ડ ઘાટકોપર કોરોના અપડેટ

### કુલ કેસોની દ્રષ્ટિએ સમગ્ર મુંબઈમાં એન વોર્ડ ઘાટકોપર સાતમા ક્રમાંકે

(૨ સપ્ટેમ્બર પર્યંત)



| | |
|---|---|
| કુલ પોઝીટવ કેસ | ૭૪૨૮ |
| ડીસ્ચાર્જ | ૬૧૬૧ |
| મૃત્યુ | ૪૧૬ |
| એક્ટીવ કેસ | ૮૫૧ |

## માજી નગરસેવિકા પ્રતીક્ષા ઘુગેનો ફરી રાષ્ટ્રવાદી કોંગ્રેસમાં પ્રવેશ

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના માજી તાલુકા અધ્યક્ષ રાજુ ઘુગે અને માજીનગરસેવિકા પ્રતીક્ષા ઘુગેએ ફરી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીમાં પ્રવેશ કર્યો છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ કાર્યાલય ખાતે બંને કેબિનેટ મંત્રી અને રાષ્ટ્રવાદી કોંગ્રેસના પ્રવક્તા નવાબ મલિકના હસ્તે પક્ષ પ્રવેશ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે ઘાટકોપર (૫) વિભાગથી રાષ્ટ્રવાદી કોંગ્રેસના




માજી તાલુકા અધ્યક્ષ રાજુ ઘુગે અને જૂનો પ્રભાગ ક્રમાંક ૧૨૦ના પ્રતીક્ષા ઘુગેએ ૨૦૧૭માં મહાનગરપાલિકા ચૂંટણીનું ફોર્મ ભર્યું હતું અને ફોર્મમાં રહેલ ખામીને લીધે તેમની અરજી રદ્દ થઈ હતી. ત્યાર બાદ અમુક સમય સુધી રાજુ ઘુગે ભાજપના આગેવાનો સાથે વિવિધ કાર્યક્રમોમાં દેખાતા હોવાથી તેઓ ભાજપમાં છે તેવી ચર્ચાઓ ચાલી રહી હતી. તાજેતરમાં તેઓ ફરી સક્રિય થતા સ્થાનિક કાર્યકર્તાઓ અને આગેવાનીમાં તેઓ ફરી રાષ્ટ્રવાદી પક્ષમાં જોડાયા હતા.

## ઘાટકોપર ફાઈટ્સ કોરોના અહેવાલનું દેવેન્દ્ર ફડણવીસના હસ્તે લોકાર્પણ



કોરોના મહામારી દરમ્યાન ઘાટકોપર ઈસ્ટ વિધાનસભામાં ભારતીય જનતા પાર્ટી દ્વારા કરવામાં આવેલી કામગીરીનો અહેવાલ વિરોધી પક્ષ નેતા અને માજી મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને સાંસદ મનોજ કોટક અનેવિધાનસભ્ય પરાગ શાહ અને વિધાનસભ્ય પ્રશાંત લાડના હસ્તે અર્પણ કરાયેલ. વિધાનસભ્ય પરાગ શાહ દ્વારા કોરોના મહામારી દરમ્યાન કરાયેલ કાર્યોની ઝલક આપતું આ અહેવાલ તરત જ સોશ્યલ મીડીયામાં વાયરલ થયો હતો અને ટૂંક સમયમાં હાર્ડ કોપી ફોરમેટમાં પણ આ અહેવાલ લોકોને પહોંચતો કરવામાં આવશે.

## ઘાટકોપર ઈસ્ટ વેસ્ટમાં આવેલ કૃત્રિમ તળાવોને શ્રેષ્ઠ પ્રતિસાદ

વોઈસ ઓફ ઘાટકોપર દ્વારા ગત અંકમાં દોઢ દિવસીય ઘરગથ્થુ ગણેશ મૂર્તિ વિસર્જન અંગે માહિતી આપવામાં આવી હતી જે અંતર્ગત ૧૬૪૫ દોઢ દિવસીય ગણેશ પ્રતિમા કૃત્રિમ તળાવમાં વિસર્જીત કરાઈ હતી.



૨૬ ઓગસ્ટ ૨૦૨૦ના ૫ દિવસીય ૬૩૪ ગણેશ પ્રતિમાઓ કૃત્રિમ તળાવોમાં વિસર્જીત કરવામાં આવી હતી. મહાનગરપાલિકા એન વિભાગ દ્વારા આપવામાં આવેલ માહિતી મુજબ સૌથી વધુ ૧૬૨ (૬ સાર્વજનિક, ૧૫૬ ઘરગુથ્થી) પ્રતિમા આચાર્ય અત્રે મેદાન પંતનગરના કૃત્રિમ તળાવમાં વિસર્જીત કરવામાં આવી હતી. ત્યાર બાદ સાઈ નિવારા ઘાટકોપર પૂર્વ ખાતે ૧૫૦, દત્તાજી સાળવે મેદાન ખાતે ૧૪૨, બાબુ ગેણુ મેદાન ઘાટકોપર (૫) ખાતે ૧૧૬ અને માણેકલાલ એસ્ટેટ ખાતે ૬૪ સહિત કુલ ૬૦૬ ઘરગુથ્થી અને ૨૮ પ્રતિમાઓનું કૃત્રિમ તળાવોમાં વિસર્જન થયું હતું. મનપા અધિકારીઓના મતે કૃત્રિમ તળાવોનું આયોજનને શ્રેષ્ઠ પ્રતિસાદ મળ્યું હોવાનું જાણવા મળે છે.

## વોઈસ ઓફ ઘાટકોપર

# આત્મનિર્ભરતા સાથે ખેડૂતો-મજૂરોની આત્મહત્યા માટે ગંભીરતાપૂર્વક વિચારવાની જરૂર



તંત્રી સ્થાનેથી

જતીન કોઠારી

અભિનેતાના આત્મહત્યા કે હત્યા પ્રકરણે ચોતરફ અને ચકચાર વચ્ચે ખેડૂતો અને મજૂરોની આત્મહત્યાના આંકડાઓ તાજેતરમાં પ્રકાશિત થયા જે ખૂબ અચરજ પમાડે તેવા છે. આત્મનિર્ભર બનવા તરફની ભારતની દોટ સરાહનીય છે પણ જે પહેલેથી આત્મનિર્ભર છે તેવા ખેડૂતો અને મજૂરોની આત્મહત્યા આઝાદ ભારતમાં અત્યંત દુઃખદાયક છે. ખેડૂતો અને મજૂરોની આત્મહત્યા માટે કયા પરિબળો મૂળભૂત રીતે કારણભૂત છે તે શોધવામાં તમામ સરકારો વધતે ઓછે અંશે નિષ્ફળ રહી છે. લોકસભાની ચૂંટણી દરમ્યાન ખેડૂતોની આત્મહત્યાનો મુદ્દો ખૂબ મહત્વનો બન્યો હતો. જેના નામે ખૂબ પ્રચાર થયો અને મોટા મોટા વચનો પણ આપવામાં આવ્યા પણ હકીકત કાંઈક અલગ જ સામે આવી છે. વર્ષ ૨૦૧૯માં દેશભરમાં ૪૨૪૮૦ ખેડૂતો અને ખેતમજૂરો - રોજમદારોએ આત્મહત્યા કરી લીધી. આ આંકડામાં ખેડૂતોની કુલ આત્મહત્યામાં ૩૮ ટકા મહારાષ્ટ્ર, ૧૯.૪ ટકા કર્ણાટક અને ૧૦ ટકા આંધ્રમાં નોંધાઈ હતી. સતત આત્મનિર્ભરતા, વિકાસ, ડિજીટલ ઈંડિયા અને આ બધાના પાયા પર ન્યૂ ઈંડિયાનો પાયો નાખવાની વિચારધારા સામે આત્મહત્યા કરનાર ખેડૂતો અને મજૂરો માટે નીતનવી યોજનાઓ પણ નિષ્ફળ ગઈ હોવાનું લાગી રહ્યું છે. દૈનિક કમાનારા કુલ ૨૯૦૯૨ અને ૩૪૬૭ મહિલાઓ ગયા વર્ષે વિવિધ કારણોસર આત્મહત્યા કરી હોવાનું અહેવાલોમાં ઘટસ્ફોટના સમાચાર જાણે એક જ દિવસમાં જૂના થવા માંડ્યા હોય તેવું લાગે અને અભિનેતા કે કોઈ મોટી વ્યક્તિની આત્મહત્યા સતત ચર્ચામાં રહે તે પણ દેશનો એક અલગ ચહેરો જોવા મળી રહ્યો છે.

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરોના જણાવ્યા અનુસાર છ વર્ષમાં સીએપીએફના ૪૩૩ જવાનોની આત્મહત્યાનો પણ રિપોર્ટ ચિંતાજનક છે. એક વાત તો નિશ્ચીત છે કે આત્મનિર્ભર હોય પણ આત્મહત્યા પણ કરતો હોય તેવો એક વર્ગ છે જેની બૃહદ સ્તરે નોંધ લઈ તેમના માટે નક્કર કામ કરવાની જરૂર છે.

કોરોના જેવી મહામારીમાં કોરોના કરતા જો આત્મહત્યા કરનારાની સંખ્યા વધુ નોંધાય તો તે જરૂર કોઈ અન્ય કારણસર હોઈ શકે તે કારણ શોધવાની જરૂર હવે નિર્માણ થઈ છે. ડીપ્રેશનમાં આવી આત્મહત્યાના બનાવો વધી રહ્યા છે. ૨૦૧૯માં ભારતમાં કુલ ૧.૩૯ લાખ લોકોએ જીવન ટૂંકાવી લીધું જે ન્યુ ઈંડિયાનું એક કાળુ સત્ય છે.



નગરસેવક સૂર્યકાંત ગવળી દ્વારા સંતોષ ગવળીના સ્મરણાર્થે ઘાટકોપર પારસીવાડી ખાતે રક્તદાન તથા ડાયાબીટીસ તપાસણીનું આયોજન ૩૧ ઓગસ્ટના કરવામાં આવ્યું હતું. નગરસેવક સૂર્યકાંત ગવળીના માર્ગદર્શન હેઠળ નાગરિકોને માસ્ક, સેનેટાઈઝરનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.



ઈશાન્ય મુંબઈ જિલ્લા કોંગ્રેસ કમિટી ઉપાધ્યક્ષ કેતન શાહ દ્વારા ઘાટકોપર (પ) વોર્ડ ક્ર.૧૩૦ ખાતે આવેલ છોટા ભીમ નગર વિભાગમાં વિદ્યાર્થીઓને નોટબુક, પેન, માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા ઉપાધ્યક્ષ ગૌરાંગભાઈ પટેલ, બ્લોક અધ્યક્ષ દયાનંદ જગતાપ, વિલાસ બનસોડે, સચિન સકપાળ, બ્રિજેશ શર્મા, નિતીન પાટીલ, વિનોદ હંકારે, સંતોષ ઉંડે વગેરે કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.


**મરણનોંધ માટે**

મુંબઈના દૈનિક અખબારોમાં મરણનોંધ પ્રકાશિત કરવા માટે લેટરપેડ પર મરણનોંધ લખી જરૂરી પ્રુફ સાથે નીચે જણાવેલ નંબર પર સંપર્ક કરો.

9869038095
9022279684


# મંદિરો ખુલ્લા મુકવાની માગણી સાથે ભાજપનું ઘંટનાદ આંદોલન



મહારાષ્ટ્ર રાજ્યના સર્વ મંદિરો જનતાના દર્શન માટે ખુલ્લા મુકવાની માગણી સાથે ભાજપએ રાજ્યભરમાં કાર્યકરોને ઘંટનાદ આંદોલન કરવાનું આવ્હાન આપ્યું હતું. આ આવ્હાનને જબરદસ્ત પ્રતિસાદ આપતાં શનિવાર, તા.૨૯ ઓગસ્ટના ઇશાન મુંબઈના સંસદસભ્ય મનોજ કોટકના નેતૃત્વ હેઠળ ભારતીય જનતા પાર્ટીના મુલુંડ મંડળ દ્વારા મુલુંડ (વેસ્ટ)માં અંબાજી ધામ ખાતે ઘંટનાદ કરવામાં આવ્યો હતો.

મહારાષ્ટ્રના મંદિરો વહેલામાં વહેલી તકે જનતા માટે દર્શનાર્થે ખુલ્લા મુકવામાં આવે એવી માગણી આંદોલન મારફત કરવામાં આવી હતી. જો સરકાર ત્વરિત મંદિર ખુલ્લા મુકવાનો આદેશ નહીં આપે તો સંપૂર્ણ મહારાષ્ટ્રમાં જોરદાર આંદોલન કરવામાં આવશે એવો ઈશારો મનોજ કોટકએ આપ્યો હતો.

આ આંદોલનમાં ઘાટકોપરના નગરસેવિકા બિંદુ ત્રિવેદી, નગરસેવક ભાલચંદ્ર શિરસાટ, ઈશાન્ય મુંબઈ જિલ્લાના અધ્યક્ષ અશોક રાય, પ્રવિણ છેડા સહિત અનેક કાર્યકર્તાઓ ઘાટકોપર ઈસ્ટ-વેસ્ટ ખાતે યોજાયેલ ઘંટનાદ આંદોલનમાં જોડાયા હતા. ઘાટકોપર વેસ્ટમાં અમૃતનગર સર્કલ ખાતે આવેલ સાઈબાબા મંદિરની બહાર ભાજપા આગેવાનોએ ઘંટનાદ આંદોલન કર્યું તે સમયે ચેતન ભાટકર, પૂનમ નાયર, ગણેશ ભગત વગેરે ઉપસ્થિત હતા.






JAYESH

An ISO 9001:2015 Certified Manufacturing Company having it's Head Office in Amar Mahal, Chembur(W) has vacancy for

**Marketing Executive :**

Male Candidate with Min. 5-7 years' experience in marketing of Industrial Products & very fluent with written and spoken English

**Steno Secretary :**

Male Candidate with Min. 10 years' experience in handling complete administrative & secretarial functions.

Interested candidates may apply with updated CV mentioning current CTC and joining time to jobs@jayeshgroup.com

**પંચગની** હવા ફેર

પ્રકૃતિના સાન્નિધ્યમાં,
સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં
હવા ફેર કરવા પધારો
શુધ્ધ સાત્વીક ભોજનશાળાની સુવિધા છે.
૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.

**રાજલક્ષ્મી આરોગ્યધામ**

મુંબઈમાં બુકીંગ માટે સંપર્ક : 08879677709
સંપર્ક માટે સોમવારથી શુક્રવાર બપોરે 1 થી 4

# Premium Confectionaries at your door step




## Free Home Delivery... Call to Order 8655185667

# વર્ક લાઈફ અને સ્પિરીચ્યુઅલ લાઈફ બેલેન્સ કઈ રીતે કરવું તેનું શ્રેષ્ઠ ઉદાહરણ એટલે મિનેશભાઈ શાહ

## દર વર્ષે પર્યુષણ દરમ્યાન પોતાના રૂટિનને જાળવી કાર્યરત રહી, ૩૫ થી વધુ અઠ્ઠાઈ કરી સર્જ્યો નવો રેકોર્ડ



સફળ થવા માટે કરિયર મહત્વનું છે પણ શ્રેષ્ઠ બનવા માટે ધર્મ મહત્વનો છે. બહુ જ જૂજ લોકો એવા હોય છે. જે પોતાની લાઈફમાં વર્ક લાઈફ એટલે રોજીંદા જીવન, વેપાર, પરિવાર સાથે ધર્મને પણ વણી લઈ રિલીજીયસ લાઈફ પણ ખુબ સહજતાથી આગળ વધારતાં હોય છે. ફક્ત બિઝનેસ કરીને પૈસા તો દરેક કમાય છે તેની સાથે તેનો સદ્ઉપયોગ અને સદ્કર્મો કરતા રહેવું અને તે પણ એટલી જ સહજતાથી કે તેને દર્શાવવાની જરૂરત પણ ન પડે.

મુળ સુરેન્દ્રનગરના અને ઘાટકોપરમાં નાનેથી મોટાં થયેલા મિનેશભાઈ શાહની અનેક લોકો ભૂરી ભૂરી અનુમોદના સાથે પ્રશંસા પણ કરી રહ્યાં છે. મિનેશભાઈ દેવેન્દ્રભાઈ શાહ ગુજરાતી–જૈનોમાં પ્રતિષ્ઠિત નામ છે. સ્વમહેનતે એમ્પાયર ઊભું કરનાર મિનેશ તાજેતરનાં વર્ષોમાં સાઉથ મુંબઈનાં આલીશાન અને લક્ઝુરીયસ ટોલેસ્ટ સ્કાયસ્કેપર્સ ટ્વીન ટાવર્સ ખાતે પોતાનું નિવાસસ્થાન ધરાવે છે. જો કે અહીં તેમના બિઝનેસ અંગેની સફળતા અને અચીવમેન્ટની જ વાત નથી કરવાની વાત છે તેમની ૩૫ સળંગ અઠ્ઠાઈની. જૈનોનાં દર વર્ષ ધાર્મિક અનુષ્ઠાનરૂપ ૮ દિવસીય પર્યુષણ યોજાય છે. આ દરમ્યાન મિનેશભાઈ ૮ ઉપવાસ (કંઈ પણ અન્નનો ઉપયોગ ન કરવો. ફક્ત ઊકળેલું જ પાણી પીવું ) કરે છે.તેમનાં ૬૦ વર્ષીય જીવન સફરમાં ૩૫ અઠ્ઠાઈ એ એક અનોખાં રેકોર્ડ સાથે શ્રેષ્ઠ સફળતા પણ કરી શકાય. તેમણે તેમની પ્રોફેશ્નલ–ધંધાકીય લાઈફને ધર્મના આડે આવવા દીધી નથી. પર્યુષણ દરમ્યાન દરરોજ બિઝનેસ સાથે કાર્યરત રહી રજા લીધા વગર ઉપવાસની આરાધના તેઓ કરે જે ખુબ સરાહનીય કહી શકાય.

તેમનાં મિત્રો, પરિવાર અને શુભેચ્છકો મિનેશભાઈને તેમની ઉતરોત્તર પ્રગતિ સાથે ધર્મમય–તપમય જીવનની અનુમોદનાની શુભેચ્છાઓ આપી રહ્યાં છે.



# રહેણાંક પ્રોપર્ટીના વેચાણની થયેલ કેપિટલ ગેઈનને કમર્શિયલ હેતુ માટેના રોકાણમાં કરમુક્તિ મળવાની શક્યતા

## મનોજ કોટક આવકવેરા ધારામાં સુધારો કરવાની દરખાસ્ત લોકસભાના આગામી સત્રમાં મુકશે

ઇશાન મુંબઈના સંસદસભ્ય મનોજ કોટક દ્વારા આવકવેરા ધારામાં સુધારો કરતી દરખાસ્ત નાણા મંત્રાલય મંજૂર કરશે તો દેશના કમર્શિયલ રિયલ એસ્ટેટના ક્ષેત્રે મોટા પ્રમાણમાં નવી મૂડીનો પ્રવાહ વહેવો શરૂ થશે જેનો લાંબા ગાળાનો લાભ અનેક ઉદ્યોગોને થશે. આ સુધારો મંજૂર થયા બાદ રહેણાંક જગા વેચવાથી થયેલ કેપિટલ ગેઈનને કમર્શિયલ હેતુ માટે કરેલા રોકાણને પણ કરમુક્તિ મળશે. જાણકારોના માટે લોકસભાના આગામી સત્રમાં આ ખરડો પસાર થવાની સંભાવના છે.

મનોજ કોટકએ નાણાપ્રધાન નિર્મલા સીતારામનને સૂચવ્યું છે કે રહેણાંક હેતુ માટેની પ્રોપર્ટીમાં રોકાણ કરવામાં આવે તો તેના પરના કેપિટલ ગેઈન ટેકસને માફ કરવામાં આવે. હાલમાં રહેણાંક પ્રોપર્ટીના વેચાણ દ્વારા થયેલા કેપિટલ ગેઈનનું રોકાણ ત્રણ વર્ષમાં રહેણાંક માટેની પ્રોપર્ટીમાં કરવામાં આવે તો ૨૦ ટકાના કેપિટલ ગેઈન ટેક્સમાંથી મુક્તિ મળે છે. આના પરિણામે, જૂની રહેણાંક પ્રોપર્ટીના વેચાણ દ્વારા મળેલા નાણાનું મોટા ભાગે રહેણાંક માટે ફ્લેટ કે મકાન ખરીદવામાં જ રોકાણ થાય છે.



આ અંગે મનોજ કોટકએ જણાવ્યું હતું કે તેમની આ દરખાસ્તને નાણા મંત્રાલય તરફથી સાનુકૂળ પ્રત્યાઘાત મળ્યા છે. મનોજ કોટક નાણા અને વેપારને લગતી સંસદની સ્થાયી સમિતિના સભ્ય હોવા ઉપરાંત કોરોનાને કારણે ગંભીર અસર પામેલા ઔદ્યોગિક ક્ષેત્રને નવી મૂડીની જરૂર હોવાથી તેમની આ દરખાસ્ત સપ્ટેમ્બરના બીજા સપ્તાહથી મળી રહેલા સંસદના ચોમાસું સત્રમાં જ સ્વીકારાય તેવી શક્યતા વધુ છે.

આ દરખાસ્તને અમલી બનાવવા માટે આવકવેરા ધારાના સેક્સન ૫૪જીબીમાં સુધારો કરવાની જરૂર પડશે. આ અગાઉ ૨૦૧૬માં આ સેક્સનમાં સુધારા દ્વારા રહેણાંક પ્રોપર્ટીના વેચાણ દ્વારા મળેલા કેપિટલ ગેઈનના નાણાનું 'પાત્રતા' ધરાવતા સ્ટાર્ટ-અપમાં રોકાણ કરવામાં આવે તો તેને ટેક્સમાંથી મુક્તિ આપવામાં આવી હતી. મનોજ કોટકે કહ્યું કે આજ તર્કને તેમણે આગળ વધારતાં આ કરમુક્તિને કમર્શિયલ તથા ઔદ્યોગિક ક્ષેત્ર માટે લાગુ કરવાનું સૂચન કર્યું છે. આ સૂચન સ્વીકારાય તો સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ક્ષેત્રના ઘણા નવસાહસિકો તેમની વધારાની રહેણાંક પ્રોપર્ટીનું વેચાણ કરી તેને નફા સાથની પૂરી રકમનું રોકાણ ઉત્પાદન સુવિધાની સ્થાપના, તેના વિસ્તરણ અથવા કમર્શિયલ પ્રોપર્ટી ખરીદવા માટે કરવામાં આવે તો બેન્ક ધિરાણ અથવા પ્રમોટર્સની મૂડીના અભાવે અટકી પડેલા ઘણા પ્રોજેક્ટ્સ ટૂંકા ગાળામાં શરૂ થઇ શકશે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'આત્મનિર્ભર ભારત' અભિયાનને મોટો વેગ મળશે.

# કેન્દ્ર સરકાર દ્વારા અનલોક ૪.0 માટે ગાઈડલાઈન્સની જાહેરાત

કેન્દ્ર સરકારે શનિવારે ૧ સપ્ટેમ્બરથી શરૂ થનારા 'અનલોક ૪.0' તબક્કાની નવી માર્ગદર્શિકા જારી કરી છે જે ૩૦ સપ્ટેમ્બર સુધી અમલમાં રહેશે. 'અનલોક' દિશાનિર્દેશોમાં, કેન્દ્ર સરકારે કોરોનાવાયરસ રોગચાળાને ધ્યાનમાં રાખીને કન્ટેનમેન્ટ ઝોનની બહારના વિસ્તારોમાં વધુ પ્રવૃત્તિઓ શરૂ કરવાનો માર્ગ મોકળો કર્યો છે. (એમએચએ) એ ૨૯ ઓગસ્ટે કન્ટેન્ટ ઝોનની બહારના વિસ્તારોમાં વધુ પ્રવૃત્તિઓ શરુ કરવા માટે નવી માર્ગદર્શિકા જારી કરી હતી, જેના ભાગ રુપે, દેશમાં મેટ્રો સર્વિસીસને સાતમી સપ્ટેમ્બરથી ચાલુ કરવાની પરવાનગી આપવામાં આવી છે, જોકે સ્કૂલ-કોલેજો હજી બંધ જ રહેશે.

મેટ્રો રેલ્વેને ૭ સપ્ટેમ્બર, ૨૦૨૦ થી તૂબક્કાવાર પદ્ધતિએ ચાલુ કરવાની પરવાનગી આપવામાં આવી છે, પરંતુ આને માટેની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસઓપી) ગૃહ મંત્રાલય/નગર વિકાસ મંત્રાલય/રેલવે મંત્રાલય (એમઓઆર) દ્વારા રેલવેને ક્રમશ રીતે સંચાલિત કરવાની મંજૂરી આપવામાં આવશે.

ગૃહ મંત્રાલય સાથે પરામર્શ કરીને આ સંદર્ભે કાર્યપદ્ધતિ જારી કરવામાં આવશે, એમ કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી માર્ગદર્શિકામાં જણાવાયું છે.

૨૧ સપ્ટેમ્બરથી સામાજિક કાર્યક્રમો/શૈક્ષણિક કાર્યક્રમો/ રમતના કાર્યક્રમો/મનોરંજન કાર્યક્રમો/સાંસ્કૃતિક કાર્યક્રમો/ધાર્મિક અને રાજકીય કાર્યક્રમો અને અન્ય કાર્યક્રમોને ૧૦૦ વ્યક્તિઓની મહત્તમ મર્યાદા સાથે મંજૂરી આપવામાં આવશે, જોકે ચહેરા પર માસ્ક પહેરવાનું ફરજિયાત, સામાજિક અંતર જાળવવું, થર્મલ સ્ક્રીની ગ અને હાથ ધોવાની જોગવાઈ અથવા સેનિટાઇઝર રાખવાની શરતો અકબંધ રાખવામાં આવી છે.

૨૧ સપ્ટેમ્બરથી ઓપન-એર થિયેટરોને ખોલવાની મંજૂરી આપવામાં આવશે. કેન્દ્રીય ગૃહમંત્રાલયે આજે જણાવ્યું હતું કે, અનલોક-૪.0 હેઠળ શાળાઓ, કોલેજો અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓ બંધ રહેશે, જે ૧ સપ્ટેમ્બર, ૨૦૨૦ થી અમલમાં આવશે. ઓનલાઇન /ડિસ્ટન્સ લર્નીંગની પદ્ધતિ ચાલુ રહેશે અને તેમને પ્રોત્સાહિત કરવામાં આવશે, એમ કેન્દ્રીય ગૃહમંત્રાલયે શનિવારે જણાવ્યું હતું.

### અનલોક- ૪.0 દિશાનિર્દેશોમાં નવું શું છે?

★ ૭ સપ્ટેમ્બરથી મેટ્રો રેલ સેવાઓ ચલાવવાની મંજૂરી આપવામાં આવશે. ગૃહ બાબતોના મંત્રાલયની સલાહ સાથે ગૃહ અને શહેરી બાબતો/ રેલ્વે મંત્રાલય દ્વારા ક્રમશ કાર્યપદ્ધતિ જાહેર કરાશે

★ ૨૧ સપ્ટેમ્બરથી સામાજિક/શૈક્ષણિક/રમતો/મનોરંજન/ સાંસ્કૃતિક /ધાર્મિક/રાજકીય કાર્યો અને અન્ય મંડળોને ૧00 વ્યક્તિઓની મર્યાદા

સાથે મંજૂરી આપવામાં આવશે.

★ રાજ્યો, સંયુક્ત રાજ્યશાસ્ત્રીઓ ૫0% શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને ઓનલાઇન શિક્ષણ, ટેલિ-કાઉન્સલિંગ સંબંધિત કાર્ય માટે શાળાઓમાં બોલાવવા માટેની પરવાનગી આપવામાં આવી છે

★ ઓપન એર થિયેટરોને ૨૧ સપ્ટેમ્બરથી ખોલવાની મંજૂરી આપવામાં આવશે.

★ રાજ્ય/કેન્દ્રશાસિત રાજ્ય સરકારો, કેન્દ્ર સરકાર સાથે અગાઉની સલાહ લીધા વિના, કન્ટેનમેન્ટ ઝોનની બહાર, કોઈપણ સ્થાનિક લોકડાઉન (રાજ્ય/જિલ્લા/પેટા વિભાગ/શહેર/ગામ સ્તર) લાદશે નહીં.

શું બાકી છે?

★ લોકડાઉન ૩0 સપ્ટેમ્બર સુધી કન્ટેનમેન્ટ ઝોનમાં કડક રીતે લાગુ કરવામાં આવશે.

★ ૩0 સપ્ટેમ્બર સુધી શાળાઓ, કોલેજો, શૈક્ષણિક અને કોચિંગ સંસ્થાઓ વિદ્યાર્થીઓ અને વર્ગ પ્રવૃત્તિઓ માટે બંધ રહેશે.

★ વ્યક્તિઓ અને માલની આંતર-રાજ્ય અને આંતરરાજ્ય હેરફેર પર કોઈ પ્રતિબંધ રહેશે નહીં. આવી હેરફેર માટે કોઈ અલગ મંજૂરી/પરવાનગી /ઇ-પરમિટની જરૂર રહેશે નહીં.

★ નીચેના સિવાયની બધી પ્રવૃત્તિઓને કન્ટેન્ટ ઝોનની બહારની મંજૂરી આપવામાં આવશે:

૧) સિનેમા હોલ, સ્વિમિંગ પુલ, મનોરંજન પાર્ક, થિયેટરો (ઓપન-એર થિયેટર સિવાય) અને સમાન સ્થળો.

૨) મુસાફરોની આંતરરાષ્ટ્રીય હવાઈ મુસાફરી, એમએચએ દ્વારા અપાયેલી માન્યતાને આધારે.

★ સંવેદનશીલ વ્યક્તિઓ, એટલે કે ૬૫ વર્ષથી ઉપરની વ્યક્તિઓ, અન્ય ગંભીર રોગ ધરાવતા વ્યક્તિઓ, સગર્ભા સ્ત્રીઓ અને ૧0 વર્ષથી ઓછી ઉંમરના બાળકોને આવશ્યકતાઓને પૂર્ણ કરવા સિવાય અને આરોગ્ય હેતુ માટે ઘરે રહેવાની સલાહ આપવામાં આવે છે.

### મિશન બિગિન અગેઈન અંતર્ગત મહારાષ્ટ્ર સરકારે પ્રતિબંધો હળવા કર્યા

*મહારાષ્ટ્ર સરકારના સૂત્રના જણાવ્યા મુજબ, ઠાકરેએ અનલોક ૪.0 અંતર્ગત હોટલોમાં ઓક્યુપન્સી ૩૩ ટકાથી વધારી ૫0 ટકા કરી છે. સરકારી ઓફિસમાં આઈએએસ લેવલના સ્ટાફને સો ટકા હાજરીને મંજૂરી અપાઈ છે. સબોર્ડિનેટ સ્ટાફની હાજરી ૧૫ ટકાથી વધારી ૩0 ટકા કરાઈ છે. લોકલ ટ્રેનોની ફ્રિક્વન્સી વધારવાનો નિર્ણય પણ ઉદ્ધવ સરકારે લીધો છે.*

*સરકારના દેશ મુજબ ૨૧ સપ્ટેમ્બરથી ૯ થી ૧૨ ધોરણના વિદ્યાર્થીઓને શિક્ષક પાસે તેમની શંકાના નિવારણ માટે સ્કૂલ જઈ શકશે.*

*અધિકારીઓએ જણાવ્યું કે અનલોક ૪.0 દરમ્યાન મુખ્યપ્રધાન અનેક બાબતોમાં રાહત આપવા માંગતા હતા પરંતુ રાજ્યમાં ઝડપથી વધી રહેલા કેસને કારણે ચિંતીત છે. આને કારણે ઘણા ક્ષેત્રમાં છૂટ મળે એની રાહ જોવાઈ રહી છે.*

*મળેલી છૂટ*

*★ રાજ્યમાં મુસાફરી માટે ઈ-પાસની જરૂર નહીં.*

*★ હોટેલ-લોજ ૧00 ટકા શરૂ*

*★ ખાનગી અને મિનિ બસને દોડાવવાની છૂટ*

*★ મુંબઈ-એમએમઆર વિસ્તારમાંની તેમજ પુણે-પિંપરીની સરકારી ઓફિસમાં ૩0 ટકા કર્મચારી હાજરી આપી શકે. બાકીના વિસ્તારમાં ૫0 ટકા કર્મચારીની હાજરીને છૂટ.*

*★ મંદિર અને જિમ વિશે કોઈ નિર્ણય નથી લેવાયો.*

*આ હજુય બંધ રહેશે*

*★ શાળા-કોલેજ ૩0 સપ્ટેમ્બર સુધી બંધ*

*★ ૩0 સપ્ટેમ્બર સુધી મેટ્રો બંધ, અત્યાવશ્યક સેવા સાથે*

*★ ૩0 સપ્ટેમ્બર સુધી સિનેમા ગૃહ બંધ*

*★ સિનેમા હોલ, સ્વિમિંગ પુલ, મનોરંજન પાર્ક, થિયેટરો અને બિયર બાર નહીં ખુલી શકે.*

*★ સાંસ્કૃતિક, સામાજિક, ક્રિડા, શૈક્ષણિક ક્ષેત્રના કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં લોકો હાજરી આપી નહીં શકે.*

*★ સાર્વજનિક કાર્યક્રમમાં ૫0 થી વધુ લોકો હાજરી આપી નહીં શકે.*

*★ અંતિમ સંસ્કારમાં ૨0 થી વધુ લોકો ભાગ લઈ નહીં શકે.*

# ક્ષમા વીરસ્ય ભૂષણમ

'ક્ષમા વીરસ્ય ભૂષણમ્ મ' માણસ માત્ર ભૂલને પાત્ર હોય છે 'To err is human' - પરંતુ એમ કહી શકાય કે 'To forgive is super- human' ક્ષમા એ વીરોનું આભૂષણ છે. આપણા સ્વામિનારાયણ ધર્મ માં ભગવાને આશ્રિત માત્રને તથા નંદ સંતો ને પણ ક્ષમા નો ગુણ કેળવવાનો ઉપદેશ કરેલ છે. ત્યાં સુધી કે ભગવાને પોતે પણ પોતાના જીવનકાળ દરિમિયાન અનેકોને માફ કરી જીવનું કલ્યાણ કરેલ હતું.

એક શહેરના એક ધનિક વ્યક્તિને ઘેર કોઈ લઘરવઘર માણસ આવી અને કરગરવા લાગ્યો કે 'મને અહીં રાતવાસો કરવા દેશો ?' તેની આવી કફોડી દશા જોઈને, પણ ધનિકે તેને કોઈ આશરો તો ન આપ્યો, ઉપરથી ઉપદેશ ઝીંક્યો : 'અલ્યા, પ્રભુની પ્રાર્થના કર તો તારું દળદર ફીટે.' 'એનું નામ ના લેશો, એણે તો મારી આવી દશા કરી છે.' પેલો માણસ ક્રોધથી તાડૂક્યો. પ્રભુની આવી નિંદા કરતો સાંભળી આ ધનિકે તેને આકરા શબ્દો કહી કાઢી મૂક્યો. રાત્રે ઘરમંદિરમાં આરતી કર્યા બાદ પ્રભુ સમક્ષ આ ભાઈ કહેવા લાગ્યા, 'પ્રભુ, આજે મેં એક નાસ્તિકને બરાબર શિક્ષા કરી, તેને તગેડી મૂક્યો, એ આપની નિંદા કરતો હતો.' જાણે મૂર્તિમાંથી અવાજ સંભળાયો, 'ભાઈ, તેં આ બહુ ખોટું કર્યું, એ માણસ મને જન્મથી જ ગાળો ભાંડતો આવ્યો છે. મેં તેને આજ સુધી નિભાવ્યો અને હજી ય નિભાવ્યા કરું છું. તું તેને એક રાત પૂરતો પણ ન રાખી શક્યો ?' ભગવાન આપણી અગણિત ક્ષતિઓને માફ કરે છે. ઘરની વ્યક્તિઓમાં જો એક ક્ષમાનો સદ્ગુણ વિકસે તો ઘરમાંથી કજિયા-કંકાસ ટળે, શાંતિ પ્રસરે અને ઘર એક સુખસદન બની જાય. શ્રીહરિલીલામૃતમાં ક્ષમા-ગુણનો કેટલો બધો મહિમા ગાયેલો છે. 'ભલા તણું ભૂષણ તો ક્ષમા છે, કલેશનું કારણ અક્ષમા છે, ક્ષમા ધરે તે સુખિયા સદાય, ક્ષમા વિના પ્રાણી ઘણા પીડાય.'

According to me not forgiving someone who has hurt you is something you'd never think could affect you tremendously, especially when you have blocked the person who has harmed you out of your life. Little do you know that act of blocking that person out of your life, without forgiving displays how hurt you still are? The anger you feel and show when speaking about the event and/or person displays that hurt as well. And when you say "Out of sight out of mine", that too is an indication of the hurt you still carry.

### અમેરિકામાં રેડિકલ ફરગીવનેસની ક્લિનિકો

તમારી આંખો બંધ કરો અને એ વ્યક્તિને યાદ કરો જેણે તમને બહુ હેરાન કર્યા છે. આ વ્યક્તિનો ગુનો નાનો હશે અથવા મોટો હશે; પણ તમારા મન ઉપર તેની ઘેરી છાપ રહી ગઇ છે.

તમને ધંધા વ્યાપાર કોઈએ દગો દીધો હશે.આ વ્યક્તિ કદાચ તમારી નજીકની જ કોઇ વ્યક્તિ હશે.

કદાચ તમારા પતિએ તમને દગો દીધો હશે. કદાચ તમારાં સંતાનો તમને તરછોડીને જતાં રહ્યાં હશે.

કદાચ તમારાં ભાઇબહેને તમારી સાથે અબોલા લીધા હશે. કદાચ તમે તમારી જાત ઉપર પણ રોષે ભરાયા હો તેવું બની શકે છે. તમારા આજુબાજુના પાડોસીઓએ દગો કર્યો હશે.


આ બધો ગુસ્સો જે તમારી અંદર પડ્યો છે તેને સપાટી ઉપર લાવો. તમારા હૃદયના ધબકારા વધી જશે, તમારો ચહેરો લાલઘૂમ બની જશે.

જો કોઇ ચમત્કાર થાય અને આ અંદરનો ગુસ્સો પળમાત્રમાં ઓગળી જાય તો તમને કેવું લાગે? તમે કેવા હળવાફુલ બની જાઓ?

અમેરિકાના કોલિન ટિપ્પીંગ નામના લેખકે 'રેડિકલ ફરગીવનેસ'




**ચંદ્રેશ પારેખની કલમે....**



નામનું પુસ્તક લખ્યું છે. આ પુસ્તકના આધારે અમેરિકામાં 'રેડિકલ ફરગીવનેસ'ની સેંકડો ક્લિનિકો ખૂલી ગઇ છે.

આ ક્લિનિકોમાં રેડિકલ ફરગીવનેસનો છ સપ્તાહનો કોર્સ ચાલે છે. આ કોર્સમાં ભાગ લેનારાઓ ભૂતકાળના તમામ બોજાઓમાંથી મુક્ત થઇને વર્તમાનમાં જીવતાં શીખે છે.

રેડિકલ ફરગીવનેસની થિયરીના પ્રચારકો કહે છે કે ''તમારો અપરાધ કરનારને ક્ષમા ન કરીને તમે તમારા ભૂતકાળના કેદી બનીને રહી જાઓ છો. તમારી આ જૂની ફરિયાદો તમારી જિંદગીને આગળ વધવામાં અંતરાયરૂપ બને છે.

તમે કોઇને માફ નથી કરતાં ત્યારે તમારી જાતનો અંકુશ તે વ્યક્તિના હાથમાં આવી જાય છે, જેણે તમારો અપરાધ કર્યો છે.

જેવા સાથે તેવા થવાની, અપરાધીને સજા કરવાની અને તેને દેખાડી દેવાની ભાવના તમારા હૃદયમાં સતત વૃદ્ધિ પામ્યા કરે છે અને તમે આ ભાવનાના ગુલામ બની જાઓ છો.

તમારો વર્તમાન કાયમ ભૂતકાળની આ કડવી યાદોથી ખરડાયેલો રહે છે. તમારો અપરાધ કરનાર વ્યક્તિ ક્ષમા માંગે કે ન માંગે; તેને ક્ષમા આપી દેવાથી તમે તે પીડાદાયક ભૂતકાળમાંથી કાયમ માટે મુક્ત થઇ જશો.''

વિખ્યાત ચિંતક નોર્મન કઝીન્સે કહ્યું છે કે, કોઇને માફ કરવા માટે ભારે બહાદુરીની જરૂર પડે છે. આ વાત આપણને ભગવાન શ્રી સ્વામિનારાયણ ,શ્રી રામ અથવા મહાવીર કે બુદ્ધ ભગવાન ના જીવનમાંથી સચોટ રીતે જાણવા મળે છે.

કોઇ આપણો જીવ લેવા આપણી ઉપર હુમલો કરે તેને સજા કરવામાં જેટલી બહાદુરીની જરૂર પડે છે, તેના કરતાં વધુ બહાદુરી તેને માફ કરવા માટે જોઇએ.

જ્યારે આપણે કોઇ વ્યક્તિ ઉપર ગુસ્સો કરીએ છીએ અને તે ગુસ્સો આપણા મનમાં સંઘરી રાખીએ છીએ ત્યારે હકીકતમાં આપણે તે વ્યક્તિને નહીં પણ આપણી જાતને જ સજા કરતા હોઇએ છીએ.

આપણા ગુસ્સાને કારણે તે વ્યક્તિને તો કાંઇ નુકસાન નથી થતું પણ આપણને દિવસરાત તેનું નુકસાન થયા કરે છે.

આ ગુસ્સો આપણા મનને અને તનને પણ ઇજા પહોંચાડ્યા કરે છે.

આજે જેટલા પણ મનોરોગો જોવા મળે છે, તેના મૂળમાં આ સંઘરી રાખવામાં આવેલો રોષ છે. જે ક્ષણે આપણે આ ગુસ્સાથી મુક્ત થઇએ છીએ ત્યારે આપણે આપણી જાતે જ સાજા થઇ જઇએ છીએ.

આ કારણે ક્ષમાપના એક પ્રકારની સંજીવની છે, જેના સ્પર્શથી આપણે સાજા થઇએ છીએ.

કોઇ પણ વ્યક્તિ સાથેની શત્રુતા આપણા માટે કારાવાસની ગરજ સારે છે. જ્યાં સુધી આપણા મનમાં તે વ્યક્તિ પ્રત્યે ધિક્કારભાવ હોય ત્યાં સુધી આપણે આ કારાવાસમાં જ સબડ્યા કરીએ છીએ.

જે ક્ષણે આપણે તે વ્યક્તિને માફ કરી દઇએ છીએ તે ક્ષણે આપણો જેલમાંથી છૂટકારો થાય છે. આ રીતે ક્ષમાપના સૃજનાત્મક શક્તિ છે.

આપણે જે વ્યક્તિનો અપરાધ કર્યો હોય છે તેના તરફથી આપણને સતત એવો ભય સતાવ્યા કરે છે કે તે આપણી ઉપર બદલો વાળવા માટે વળતો હુમલો કરશે. આ કારણે આપણે સતત અજ્ઞાત ભયથી પીડાયા કરીએ છીએ.

આજકાલ હતાશા અને ડિપ્રેશન જેવી જે બીમારીઓ પેદા થાય છે તેની પાછળ આવા વેરનો ઇતિહાસ હોય છે.

આ રોષ અને ભયગ્રંથિમાંથી મુક્ત થવાનો એકમાત્ર ઇલાજ ક્ષમાપના છે. આપણે જેનો અપરાધ કર્યો છે તેની ક્ષમા માંગી લેવાથી આપણે ભયમુક્ત થઇ જઇએ છીએ.

જેણે આપણો અપરાધ કર્યો હોય છે તેને માફ કરી દેવાથી આપણે રોષમુક્ત થઇ જઇએ છીએ.

અનેક ધર્મમાં ક્ષમાપનાને અત્યંત સાહજિક બનાવી દેવામાં આવી છે. આ કારણે આબાલવૃદ્ધ કોઇને ક્ષમા માંગવામાં અને ક્ષમા આપવામાં સંકોચ નડતો નથી.

ક્ષમાપના કરવા માટે જબરદસ્ત આત્મવિશ્વાસની જરૂર પડે છે. જેમને પોતાની જાતમાં શ્રદ્ધા હોય છે, તેઓ જ માફી માંગી શકે છે અને માફી આપી શકે છે.

જેમાં ક્ષમાપનાનો તહેવાર ઉજવાતો હોય તેવો જગતભરમાં એકમાત્ર જૈન ધર્મ છે. એમ કહેવાય છે પણ દરેક ધર્મમાં ક્ષમાનું એટલુંજ મહત્વ છે. જેમ અગ્નિમાં ઘી નાખવાથી અગ્નિ વધારે પ્રજવલિત થાય છે તેમ વેરથી વેર ની આગ વધતી રહે છે. ક્ષમાપનાથી મોક્ષની પ્રાપ્તિ તો થાય જ છે, પણ તેને કારણે નિર્મળ અને સ્વચ્છ બુદ્ધિ પણ પ્રાપ્ત થાય છે વળી, ક્ષમા જેવો કોઈ જાપ નહીં એમ વર્ણવતાં કહે છે કે, 'ક્ષમાની તુલ્યે નહીં કોઈ જાપ, નિંદાની તુલ્યે નહીં કોઈ પાપ.' આજના આ વિષમકાળમાં કુટુંબનું એકમ હવે તૂટું તૂટું થઈ રહ્યું છે. એક જ કુટુંબની વ્યક્તિઓ વચ્ચે વિસંવાદિતા અને વિરોધનું વાતાવરણ જોવા મળે છે. કુટુંબરથનાં બે મુખ્ય પૈડાં-પતિ અને પત્ની વચ્ચે પણ એકરાગ હોતો નથી. સાસુ-વહુ વચ્ચેનો ખટરાગ એ પરાપૂર્વથી ચાલી આવતી દુર્ઘટના છે. પિતા-પુત્ર વચ્ચેનો વિચારભેદ વકરતો વકરતો અબોલામાં પરિણમે છે. એક જ કુટુંબમાં સાથે વસતાં આ સઘળાં પાત્રો જો ક્ષમાનો એક જ ગુણ કેળવવાનો અભ્યાસ કરે તો એનાં અદ્ભુત પરિણામો પ્રાપ્ત થાય છે. પત્નીના કોઈ વર્તન કે કડવા વેણ સામે પતિ થોડી ક્ષમા દાખવે અને પત્ની પતિની જો કોઈ વિચિત્રતાઓ હોય તો તે નિભાવવા શીખે, સાસુ વહુ પ્રત્યે થોડી ઉદારતાથી જુએ અને વહુ પણ સાસુની જૂની રહનસહન અને રૂઢિગતતાને થોડી સહન કરે, પિતા પુત્રના અપરિપક્વ અભિગમને માફ કરી દે અને પિતા એ આખરે કુટુંબના વડા છે એમ સમજી પુત્ર પણ એમના ઘડપણને સહર્ષ સ્વીકારે તો, કુટુંબમાં કલેશ અને ઉદ્વેગને ઠેકાણે પ્રેમ અને ઐક્યના અંકૂરો ફૂટી નીકળે. સંપ, સુહૃદભાવ અને એકતાથી ઓપતું કુટુંબ વિશેષે કરીને, કુટુંબમાં ઉછરતા બાળકોના જીવનઘડતરમાં અમૂલ્ય ફાળો આપી શકે. કુટુંબમાં એકરાગ, અન્યોન્ય પ્રત્યે ક્ષમાભાવના હોવી જોઈએ.

**જન્મદિવસ/એનીવર્સરી શુભેચ્છા**

**વોઈસ ઓફ ઘાટકોપર દ્વારા આપના જન્મદિવસ તથા વેડીંગ એનીવર્સરીના ફોટો પ્રકાશિત કરવામાં આવશે. નામ અને જન્મદિવસ / વેડીંગ એનીવર્સરીની તારીખ સાથે voiceofghatkopar@gmail.com પર ઈમેલ દ્વારા મોકલવાનું રહેશે.**

## કિરીટ સોમૈયાના યુવક પ્રતિષ્ઠાનની સહાયથી રેલ્વે એક્સિડેન્ટમાં બન્ને હાથ ગુમાવનાર


# ઘાટકોપરની મોનિકા મોરેને હેન્ડ ટ્રાન્સપ્લાન્ટની સર્જરીથી મળ્યું નવજીવન

૧૨મી જાન્યુઆરી ૨૦૧૪ના એ ગોઝારા દિવસે એક કોલેજીયન યુવતી મોનિકા મોરેને ઘાટકોપર સ્ટેશન પર થયેલા એક ભયંકર અકસ્માતમાં તેના બન્ને હાથ કપાઈ ગયાની કમકમાટીભરી ઘટનાના સમાચાર ગુર્જરમાતના વાચકોને યાદ હશે.આ દુર્ઘટનાથી નાસીપાસ થયા વિના મોનિકાએ જે હિંમતથી આ પરિસ્થિતિનો સામનો કર્યો તે દેશના પ્રત્યેક દિવ્યાંગ અને સામાન્ય નાગરિક માટે પ્રેરણાદાયક છે. મોનિકાની આજ સુધીની સફરમાં ભાજપના ભૂતપૂર્વ સાંસદ કિરીટ સોમૈયા દ્વારા સંચાલિત યુવક પ્રતિષ્ઠાને તેને જે સપોર્ટ આપ્યો છે એ પણ પ્રસંશનીય છે.

મોનિકાની સંઘર્ષ કથા પર નજર નાખીએ તો જાન્યુઆરી ૨૦૧૪માં







અકસ્માતમાં બન્ને હાથ ગુમાવ્યા પછી કિરીટ સોમૈયાના યુવક પ્રતિષ્ઠાનએ જુલાઈ ૨૦૧૪માં જ મોનિકાને ૨૨ લાખની કિમતના અતિ આધુનિક ઈલેક્ટ્રોનિક કૃત્રિમ હાથ આપ્યા. અકસ્માતના સમયે એસએનડીટી જુનિયર કોલેજમાં ભણતી ૧૬ વર્ષની મોનિકાએ ત્યારબાદ એ કૃત્રિમ હાથથી પરીક્ષાઓ આપી ૨૦૧૮-૧૯માં ગ્રેજયુએશન કર્યું અને કુર્લાની એક સ્થાનિક હોસ્પિટલમાં સોશિયલ વર્કર તરીકે નોકરી કરવા લાગી.

ઓક્ટોબર ૨૦૧૯માં ડો. નીલેશ સાતભાઈ ગ્લોબલ હોસ્પિટલ પરેલ, યુવક પ્રતિષ્ઠાન અને મોરે ફેમિલીએ મોનિકાને અંગદાન દ્વારા કુદરતી હાથના પ્રત્યારોપણ (હેન્ડ ટ્રાન્સપ્લાન્ટ)ની શસ્ત્રક્રિયા કરાવવાનો નિર્ણય લીધો. આ માટે જરૂરી રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી. આ હેન્ડ ટ્રાન્સપ્લાન્ટનો ખર્ચ ૨૦ લાખ જેટલો થાય જે ઉપાડવાની જવાબદારી યુવક પ્રતિષ્ઠાન અને ગ્લોબલ હોસ્પિટલએ સ્વીકારી.આ માટે કોઈ અંગદાતા મળે એની પ્રતિક્ષા થઇ રહી હતી ત્યાં કોરોનાને લીધે લોકડાઉન લાગુ થતાં ૬ મહિના એમ જ નીકળી ગયા.

આખરે મોનિકા, તેના પરિવારજનો, યુવક પ્રતિષ્ઠાન અને ગ્લોબલ હોસ્પિટલ એ સૌની પ્રતીક્ષાનો અંત આવ્યો. તા. ૨૭ ઓગસ્ટના ગ્લોબલ હોસ્પિટલને ચેન્નઈની એક હોસ્પિટલનો ફોન આવ્યો જેમાં એક બ્રેઈન ડેડ વ્યક્તિના કુટુંબીજનો તેના હાથ અને અન્ય અંગોનું દાન કરવા ઈચ્છે છે એમ જણાવવામાં આવ્યું. તરત જ હોસ્પિટલના એક ડોક્ટર મેચિંગ માટે મોનિકાનું બ્લડ સેમ્પલ લઈને ચેન્નઈ પહોંચ્યા અને ટેસ્ટીંગ બાદ એ અંગદાતાના હાથ મોનિકાને ટ્રાન્સપ્લાન્ટ કરવા માટે યોગ્ય છે એ જાણ થતાં એ જ દિવસે રાત્રે ૧૨ વાગ્યાના સુમારે ચાર્ટર્ડ પ્લેનથી અંગદાતાના બંને હાથ મુંબઈ એરપોર્ટ પર આવી ગયા.

જરા પણ વિલંબ કર્યા વિના મધરાતે જ મોનિકાના બન્ને હાથ ઉપર હેન્ડ ટ્રાન્સપ્લાન્ટની સર્જરી શરૂ કરવામાં આવી જે બીજા દિવસે સાંજે ૫.૧૦ વાગ્યે સફળતાપૂર્વક સંપન્ન થઇ. બન્ને હાથનું પ્રત્યારોપણ થયું હોય એવી આ મુંબઈ અને મહારાષ્ટ્રમાં પહેલી અને ભારતમાં ચોથી શસ્ત્રક્રિયા છે. હાલ મોનિકા હોસ્પિટલમાં ડોકટરોની નિગરાની હેઠળ બંને હાથના પાટા ખુલે અને તે ફરીથી કુદરતી હાથોથી સામાન્ય રીતે કાર્યરત થઇ જાય તેની રાહ જોઈ રહી છે. યુવક પ્રતિષ્ઠાને મોનિકાને કુદરતી હાથો સાથેના નવજીવન માટે શુભેચ્છા પાઠવી હતી.

### કેવી રીતે થઈ મોનિકાની હેન્ડ ટ્રાન્સપ્લાન્ટ સર્જરી?

*ગ્લોબલ હોસ્પિટલના ડોકટરોએ જણાવ્યા પ્રમાણે આ હોસ્પિટલની જ ચેન્નઈ શાખા ખાતેના એક 30 વર્ષના બ્રેઈન ડેડ યુવક દાતાના બે હાથ મેળવી ૨૭ ઓગસ્ટ (ગુરુવાર)એ ચાર્ટર્ડ વિમાન દ્વારા ગુરુવારની મધરાતે મુંબઈ લવાયા હતા. ડો. નીલેશ સાતભાઈના નેતૃત્વ હેઠળ ૧૨ ડોકટરોની ટીમે ગુરુવારે રાતથી શરૂ કરેલી સર્જરી છેક શુક્રવારે સાંજે પૂરી થઇ હતી.*

*એનેસ્થેટિસ્ટ, પ્લાસ્ટિક સર્જન્સ તથા ટ્રાન્સપ્લાન્ટ સર્જન્સની ટીમે સૌ પ્રથમ બંને હાથના અસ્થિ, બાદમાં બે ધમની, ૬ રક્તવાહિનીઓ તથા અનેક સ્નાયુબંધને જોડ્યા હતા. ડોકટરોને શંકા છે કે મોનિકાના જ્ઞાનતંતુઓએ સંવેદનશીલતા ગુમાવી દીધી છે અને તેને યથાસ્થિતિમાં આવતાં એક વર્ષ લાગશે. હાલ આઈસીયુમાં સારવાર લઇ રહેલી મોનિકા ત્રણ-ચાર દિવસ બાદ તેના પરિવારજનોને મળી શકશે.*

## ગ્રાઉન્ડની ક્ષમતા અનુસાર ગેસ્ટને આમંત્રિત કરવા દેવાની કેટરર્સ એસોસિયેશનની માગણી



બોમ્બે કેટરર્સ એસોસિયેશનના સભ્યોએ ગુરૂવાર, તા. ૨૭ ઓગસ્ટના ફેડરેશન ઓફ એસોસિએસન્સ ઓફ મહારાષ્ટ્ર (ફામ)ના નેજા હેઠળ મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર ઇકબાલ સિંહ ચહલને મળી એક નિવેદન પત્ર આપી રજૂઆત કરી હતી.

કોરોનાના કારણે કરાયેલ લોકડાઉન હવે તબક્કાવાર ઉઠાવાઈ રહ્યું છે પણ એમ છતાં હાલ લગ્ન સમારંભમાં ફક્ત ૫૦ જણને જ સામેલ કરવાની છૂટ અપાઈ હોવાના કારણે કેટરર્સને ભારે આર્થિક ફટકો પડી રહ્યો છે અને હવે તેમણે સર્વાઈવ કરવું ભારે પડી રહ્યું છે. એથી આ સંદર્ભે તેમણે પાલિકા કમિશનરને નિવેદન આપી આ શરતોમાં થોડી છૂટછાટ આપવાની માગણી કરી હતી. આ નિવેદનમાં કેટરર્સ એસોસિએસનએ જણાવ્યું હતું કે સમારંભના હોલ કે ગ્રાઉન્ડની કેપેસિટીને ધ્યાનમાં રાખી એ મુજબ લોકોને લગ્નમાં સામેલ થવા પરવાનગી આપવી જોઈએ. જો હોલ કે ગ્રાઉન્ડ મોટા હોય તો સામાજિક અંતરના નિયમોના પાલન સાથે વધુ લોકોને પણ સમાવી શકાય.

પાલિકા કમિશનર આઈ. સી. ચહલએ તેમણે આ બાબતે સંબંધિત ડિપાર્ટમેન્ટના અધિકારીઓ સાથે મળી ચર્ચા કરી ઘટતું કરવાના અને તે અંગે ગાઈડલાઈન્સ બહાર પાડવાનું આશ્વાસન આપ્યું હતું.

## ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવગાંધીની જન્મજયંતી નિમિત્તે યુથ કોંગ્રેસ દ્વારા ઘાટકોપરમાં રોપાનું વિતરણ









ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની જન્મજયંતી સદભાવના દિવસ તરીકે ઉજવવામાં આવે છે. મુંબઈ પ્રદેશ યુથ કોંગ્રેસ અને ઘાટકોપર ઈસ્ટ યુથ કોંગ્રેસ દ્વારા ઝાડના રોપા વિદ્યાર્થીઓ સ્કૂલ, એનજીઓ અને નાગરિકોને વિતરીત કરવામાં આવેલ. ગો ગ્રીનના કન્સેપ્ટ સાથે તા.૨૦ ઓગસ્ટના આ રોપાનું વિતરણ કરવામાં આવ્યું ત્યારે ગણેશકુમાર, રામગોવિંદ, સંદીપ ગોદમ, પ્રદીપ ગુપ્તા, રાગીની ગુપ્તા તથા પંકજ ચૌધરી સહિત વિવિધ મહાનુભાવો ઉપસ્થિત રહેલ.

### કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ સંચાલિત

# ઘાટકોપરમાં કુંવરબાઈ નરશીનાથા મહિલા ગૃહ ઉદ્યોગનું સેલ્સ કાઉન્ટર શરૂ







રવિવાર તા.૩૦ ઓગસ્ટના રોજ ઘાટકોપર ૬૦ ફુટ રોડ પર આવેલ અનંત છાયા પરિસરમાં શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ સંચાલિત માતુશ્રી કુંવરબાઈ નરશીનાથા મહિલા ગૃહ ઉદ્યોગ ટ્રસ્ટનું વધુ એક સેલ્સ કાઉન્ટર ઘાટકોપર મુકામે શરૂ કરવામાં આવ્યું હતું.

આ સેલ્સ કાઉન્ટરનું ઉદ્‌ઘાટન મુંબઈ મહાજનના પ્રમુખ શ્રી નયનભાઈ ભેદા, ગૃહ ઉદ્યોગના મેનેજીંગ ટ્રસ્ટી વિરેન્દ્ર લોડાયા, સમાજશ્રેષ્ઠી હેમાંગભાઈ ધરમશી, સમીરભાઈ નાગડાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઘાટકોપરના સમાજના ઘણા શ્રેષ્ઠી આગેવાનો હાજર રહી આ નવો સેન્ટર ચાલુ કરવા માટે શુભેચ્છાઓ આપી હતી અને આવા જ કાર્યો કરતા રહો ઘાટકોપર જીવીસી સંઘના દરેક પદાધિકારીઓ તરફથી આપને પૂર્ણ સાથ સહકાર મળી રહેશે એવી બાહેધરી આપી હતી.

મુંબઈ મહાજનની નવ નર્વાચિત ટીમે પદભાર સંભાળ્યા બાદ દરેકે દરેક ક્ષેત્રમાં સારી એવી કામગીરી કરી રહી છે. કુંવરબાઈ ગૃહ ઉદ્યોગની જવાબદારી વિરેન્દ્રભાઈ લોડાયાને સોંપવામાં આવ્યા બાદ તેમણે અતિ ઉત્સાહ અને ઉમંગ સાથે લોકડાઉન દરમ્યાન પણ ગૃહઉદ્યોગમાં કામ કરતી આપણી બહેનોને પ્રોત્સાહિત કરી અને ગૃહ ઉદ્યોગ ચાલુ જ રાખ્યું જેમાં મુંબઈ અને ભાંડુપ ખાતેના ગૃહ ઉદ્યોગ દરરોજ ચાલુ હોય છે. મુલુંડ ખાતે દેવપુંજ હોલ મધ્યે દર રવિવારે સવારના ૯ થી ૧૧ અને નવું જે સેન્ટર શરૂ થયું છે તે અનંતછાયાનું દર રવિવારે સવારના ૯ થી બપોરના ૧૨ સુધી ગૃહ ઉદ્યોગ દ્વારા બનતી દરેક આઈટમનું વેચાણ કરવામાં આવશે તેવું એક અખબારી યાદીમાં વિરેન્દ્રભાઈ લોડાયાએ જણાવ્યું હતું.

## મુલુંડ તથા અન્ય પરાંઓમાંથી જંગલી જીવોને બચાવાયા





એસીએફ અને પીએડબલ્યુએસ સંસ્થા એટલે કે અમ્માકેર ફાઉન્ડેશન અને પ્લાન્ટ એન્ડ એનિમલ્સ વેલ્ફર સોસાયટી-મુંબઈના કાર્યકરો દ્વારા મુલુંડ, ભાંડુપ, બોરીવલી અને મીરા રોડ વિસ્તારમાંથી જંગલમાં જોવા મળતા પ્રાણીજીવ કાચિંડા, અજગર અને મોનિટર ગરોળીને બચાવી વન્ય વિસ્તારમાં છોડી મૂકાયા હતા.

મુલુંડ, ભાંડુપ કોમ્પલેક્સના રેસિડન્ટમાં કાચિંડાને તો બીજો કાચિંડાને પક્ષીઓના હુમલાથી બચાવાયો હતો. જ્યારે ગરોળીને તથા બે અજગરોને બોરીવલીમાંથી બચાવ કરાયો હતો. જ્યારે ઈજાગ્રસ્ત અજગરને મીરા રોડમાંથી ઘાયલ અવસ્થામાં બચાવાયો હતો.

આ પ્રકારના પ્રાણી કોઈને દેખાય તો હેલ્પલાઈન ૯૮૩૩૪૮૦૩૮૮ અથવા ફોરેસ્ટ કંટ્રોલ ૧૯૨૬ ઉપર જાણ કરી સહાય રૂપ થવું.

## મનોજ કોટકે દિલ્હીમાં ગુજરાત બીજેપીના પ્રદેશાધ્યક્ષ સી.આર.પાટીલની શુભેચ્છા મુલાકાત લીધી



શુક્રવાર, તા. ૨૮ ઓગસ્ટના રોજ ઇશાન મુંબઈના સંસદ સભ્ય મનોજ કોટકે નવસારીના સાંસદ અને તાજેતરમાં જ ગુજરાત રાજ્ય ભાજપાના પ્રદેશાધ્યક્ષ ચંદ્રકાન્ત આર. પાટીલની દિલ્હીમાં મુલાકાત લઈને પ્રદેશાધ્યક્ષ બન્યા તે બદલ તેમનું અભિવાદન કર્યું હતું. આ પ્રસંગે મનોજ કોટકએ મુંબઈના સિદ્ધિવિનાયક મંદિરમાંથી પ્રસાદ અને ગણેશ મૂર્તિ સી.આર.પાટીલને ભેટ આપી હતી. તેમજ તેમનો ભાવિ કાર્યકાળ યશસ્વી થાય એવી શુભકામના કરી હતી. પાટીલએ પણ મનોજ કોટકને શુભેચ્છાના પ્રતિકરૂપે એક ગણેશ મૂર્તિ ભેટ આપી હતી.

## મુંબઈ યુનિવર્સિટીનો ઓનલાઈન ક્લાસ બાબતે નવો સર્ક્યુલર

કોરોના સંકટ વચ્ચે વિદ્યાર્થીઓના ઓનલાઈન ક્લાસ લેવાનો નિર્દેશ મુંબઈ યુનિવર્સિટીએ સર્ક્યુલર દ્વારા કોલેજોને આપ્યો છે. એ સામે બોમ્બે યુનિવર્સિટી એન્ડ કોલેજ ટીચર્સ એસોસિએશનએ તેની સામે વિરોધ નોંધાવીને ઝૂંબેશ ચલાવી છે. આ સંગઠન સાથે સંકળાયેલી કોલેજો મુંબઈ યુનિવર્સિટીને ઈમેઈલ મોકલીને વિરોધ નોંધાવી રહી છે.

અનેક વિદ્યાર્થીઓ પાસે સ્માર્ટ ફોન કે ઈન્ટરનેટ સુવિધા ન હોવાથી તેઓ ઓનલાઈન શિક્ષણથી વંચિત રહી જશે. મુંબઈ યુનિવર્સિટીના નવા સર્ક્યુલર મુજબ કોલેજોએ રોજના ત્રણથી પાંચ ઓનલાઈન લેક્ચર લેવાનું કહ્યું છે. જે વિદ્યાર્થીઓ પાસે ઈન્ટરનેટ સુવિધા ઉપલબ્ધ નથી તેમને યુટ્યૂબ અને ફેસબુક પર વીડિયો લેક્ચર અપલોડ કરવાની અને ઈમેઈલ દ્વારા નોટીસ મોકલવાની સૂચના કોલેજોને અપાઈ છે. આ ઉપરાંત વોટ્સએપ પર પાંચથી દસ વિદ્યાર્થીના ગ્રુપ બનાવી તેમની સાથે રેગ્યુલર લેક્ચર અંગે ચર્ચા કરવાનું કહેવામાં આવ્યું છે.

આ અંગે બીયુટીસીયુ-બોમ્બે યુનિવર્સિટી એન્ડ કોલેજ ટીચર્સ એસોસિએશનના સભ્યનું એવું કહેવું છે કે ખાસ કરીને થાણે, કલ્યાણ, રત્નાગિરી, પાલઘર જેવા અંતરિયાળ વિસ્તારોમાં એવા અનેક વિદ્યાર્થીઓ છે જેમની પાસે સ્માર્ટ ફોન અને ઈન્ટરનેટની સુવિધા નથી. આવા અંદરના અનેક વિસ્તારોમાં વીજળી સુવિધાનો અભાવ છે. મુંબઈ યુનિવર્સિટી વાસ્તવિક સ્થિતિ જોયા વગર કોલેજોને ઓનલાઈન લેક્ચર ક્લાસ લેવાનો આગ્રહ કરી રહી છે. જે શક્ય નથી.

વિદ્યાર્થીઓનું શૈક્ષણિક વર્ષ ન બગડે એ માટે ઓનલાઈન લેક્ચર લેવા માટે મુંબઈ યુનિવર્સિટી ભાર મૂકી રહી છે. પણ વાસ્તવિકતા એ છે કે ઓનલાઈન લેક્ચર મારફત વિદ્યાર્થીઓને વિવિધ વિષયોનો અભ્યાસક્રમ શીખવવો શક્ય નથી. કારણ કે તે ખૂબ લાંબો અને જટિલ છે. શિક્ષક સંગઠનના વિરોધ વચ્ચે હવે મુંબઈ યુનિવર્સિટી આગળ શું નિર્ણય લે છે તેની ઉપર વિદ્યાર્થીઓ, વાલીઓ અને કોલેજ ટીચર્સની નજર છે.

# 'This is life'



- Yesha Kotak

This section is in Collaboration with Leo Multiple 3231



# Lockdown increased my responsibilities towards strays : Brij Bhanushali

Around a month back, when Brij Bhanushali was feeding stray dogs near the Water department of Brihanmumbai Municipal Corporation (BMC) at Cama Lane, he was humiliated and asked to not feed the dogs. However, raising the issue, he complained about it to Member of Parliament Maneka Gandhi. She took cognisance of his complaint, and asked the officials that Brij be allowed inside the premises to feed dogs. Currently, he feeds around 300 stray cats and dogs at Ghatkopar as well as Mulund.

Here are the excerpts of the interview:

**Was there a particular reason why you started feeding dogs?**

Brij: When I used to stay in western suburbs, I was called 'Mehul Jeevdaya' by people in my locality because if they found any stray, who needed help, be it with an injury or anything else, I would always be willing to help. I would feed dogs ever since I was three years old and the practice continued even after that when I moved to Mulund and eventually Ghatkopar. I used to feed only dogs before lockdown, but in lockdown, I realised that there were some cats as well, nearby Fatima school, who used to be fed by nearby fish market. But because the market was shut, they were hungry, so I started feeding cats as well.

**Did you ever land in trouble for feeding strays?**

Brij: I was always termed as a notorious child in school, and my father would keep getting called by the principal. During the school recess, I used to jump the fence, and go out and feed and take care of dogs, which obviously isn't allowed in school, but I did it for my love for dogs. Feeding them then continued



as a habit for me, and eventually a friend suggested that I start a NGO, which I did.

**What's your future plan for your NGO Om Foundation?**

Brij: We want that we run a dedicated ambulance for strays because most of our volunteers have a two wheeler, so it becomes difficult to carry injured strays on bike, and if we have to hire an ambulance, their charges can get expensive. Which is why I started crowd funding during lockdown, and have been able to collect around Rs 1-1.5 lakh for an ambulance, but we need still need some funds. Once we do, then I will get an ambulance, and provide the service at a cheaper rate to others as well.

**What are the challenges that you face?**

Brij: While I have a NGO, a major part of the money that is spent on feeding, goes from my pocket. Before lockdown, I would end up spending around Rs 25,000 from my pocket, now I had to pitch in from my savings because the cost comes up to around Rs 50,000. I really don't mind doing that, but I have to be mindful of the fact that I also have a wife to look after. Also, during the entire period of lockdown, I used to get calls from 15-16 people on a daily basis to help strays, who have been injured. So, I had to step out everyday, my family members were worried that I would get infected with Covid 19. I would have helped around 100 strays during the lockdown phase and stepped out each day.

# ઘાટકોપરમાં ઉત્સાહપૂર્વક ગણેશોત્સવની ઉજવણી



યશોધન સોસાયટી, સમતા કોલોની ખાતે ઘરગુથ્થી ગણેશ



બંટીચા રાજા (વર્ષ ૧૩મું)



હર્ષલ ત્રિવેદીના ઘરે પધારેલ ગણેશજી



મીના અંતાણીએ સાર્વજનિક ગણેશ મંડળની મુલાકાત લીધી હતી.



શીતલ ભાનુશાલીના ઘરે પધારેલ ગણેશજી



બિરવા હિરેન શાહના ઘરે બિરાજીત ગણેશ



ધવલ ચંદ્રકાંત પટેલના ઘરે પધારેલ ગણેશજી

# Teacher's Day 2020: જાણો વિશ્વના કયા દેશમાં ક્યારે મનાવાય છે શિક્ષક દિવસ....



ભારતમાં દર વર્ષે પૂર્વ રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ દિવસ ૫ સપ્ટેમ્બર શિક્ષક દિવસ તરીકે મનાવાય છે, એ જ રીતે દુનિયાના અનેક દેશોમાં જુદા-જુદા દિવસે શિક્ષક દિવસ મનાવવામાં આવે છે

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતી નિમિત્તે દર વર્ષે દેશમાં ૫ સપ્ટેમ્બરને 'શિક્ષક દિવસ' તરીકે મનાવવામાં આવે છે. રાધાકૃષ્ણન ભારતીય સંસ્કૃતિના વાહક, પ્રખ્યાત શિક્ષણશાસ્ત્રી અને મહાન દાર્શનિક હતા. તેઓ સમગ્ર વિશ્વને એક યુનિવર્સિટી માનતા હતા. ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનને પ્રખ્યાત નોબેલ પુરસ્કાર માટે ૨૭ વખત નોમિનેટ કરાયા હતા. ૧૯૫૪માં ભારત સરકાર દ્વારા તેમને 'ભારત રત્ન' એનાયત કરાયો હતો.

શિક્ષક દિવસ નિમિત્તે વિદ્યાર્થીઓ પોત-પોતાની રીતે શિક્ષકો પ્રત્યે પ્રેમ અને સન્માન વ્યક્ત કરતા હોય છે. ૧૯૬૨માં દેશના રાષ્ટ્રપતિ બનેલા ડો. રાધાકૃષ્ણન એક મહાન શિક્ષણશાસ્ત્રી અને શિક્ષક તરીકે દુનિયાભરમાં પ્રખ્યાત છે. શિક્ષણ ક્ષેત્રે તેમના અભુતપૂર્વ યોગદાન માટે ૧૯૩૧માં બ્રિટિશ સરકાર દ્વારા તેમનું 'નાઈટ' સન્માનથી નવાજવામાં આવ્યા હતા.

ભારતમાં જે રીતે ૫ સપ્ટેમ્બરના રોજ શિક્ષક દિવસ મનાવાય છે, એ જ રીતે દુનિયાના જુદા-જુદા દેશોમાં જુદા-જુદા દિવસે શિક્ષક દિવસ મનાવવામાં આવે છે. આંતરરાષ્ટ્રી શિક્ષક દિવસ (World Teachers Day) ૫ ઓક્ટોબરના રોજ મનાવાય છે. યુનેસ્કો દ્વારા ૧૯૯૪માં આ દિવસ મનાવાની શરૂઆત કરાઈ હતી. આ વર્ષના વર્લ્ડ ટીચર્સ ડેની થીમ ''યંગ ટીચર્સઃ ધ ફ્યુચર ઓફ ધ પ્રોફેશન'' રાખવામાં આવી છે.

દુનિયાના ૧૦૦થી વધુ દેશોમાં જુદી-જુદી તારીખે શિક્ષક દિવસ મનાવાય છે. દુનિયાના ૨૦ દેશમાં ૫ ઓક્ટોબરના રોજ શિક્ષક દિવસ મનાવાય છે, જ્યારે ૧૧ દેશમાં ૨૮ ફેબ્રુઆરીના રોજ શિક્ષક દિવસ મનાવાય છે.

– અમેરિકામાં ૧૯૪૪માં મેટે વાયટે વુડબ્રિજે સૌથી પહેલા શિક્ષક દિવસની તરફેણ કરી હતી. ત્યાર પછી ૧૯૫૩માં કોંગ્રેસે તેને માન્યતા આપી હતી. ૧૯૮૦માં ૭ માર્ચના રોજ રાષ્ટ્રીય શિક્ષક દિવસ તરીકે પસંદ કરાયો હતો. ત્યાર પછી મે મહિનાના મંગળવારના રોજ તેનું આયોજન કરાયું હતું.

– સિંગાપોરમાં સપ્ટેમ્બર મહિનાના પ્રથમ શુક્રવારને શિક્ષક દિવસ તરીકે મનાવાય છે.

– અફઘાનિસ્તાનમાં ૫ ઓક્ટોબરના રોજ ૫ ઓક્ટોબરનો દિવસ શિક્ષક દિવસ તરીકે મનાવાય છે. આ દિવસે અહીં શાળામાં રજા હોય છે, પરંતુ કેટલીક સ્કૂલોમાં શિક્ષકો સાથે કાર્યક્રમોનું આયોજન કરાય છે.

– આર્જેન્ટિનામાં ૧૧ સપ્ટેમ્બરના રોજ આર્જેન્ટિનાના સાતમા રાષ્ટ્રપતિ ડોમિંગો ફોસ્ટિનો સરમિન્ટોના માનમાં શિક્ષક દિવસ મનાવાય છે. તેમણે દેશમાં શિક્ષણને પ્રોત્સાહન આપ્યું હતું. ૧૧ સપ્ટેમ્બર, ૧૮૮૮ના રોજ તેમનું નિધન થયું હતું.

– ભુટાનમાં ત્રીજા રાજાના જન્મદિવસની ઉજવણીના ભાગ રૂપે ૨ મેના રોજ શિક્ષક દિવસ મનાવાય છે. તેમણે દેશમાં ફરજિયાત શિક્ષણ લાગુ કર્યું હતું.

– ચીનમાં ૧૦ સપ્ટેમ્બરના રોજ શિક્ષક દિવસ મનાવાતો હતો. ત્યાર પછી લોકોએ ચીનના મહાન દાર્શનિક કન્ફ્યુસિયસના જન્મદિવસ ૨૮ સપ્ટેમ્બરને શિક્ષક દિવસ તરીકે મનાવવા સરકારને વિનંતી કરી હતી. તાઈવાનમાં ૨૮ સપ્ટેમ્બરના રોજ જ શિક્ષક દિવસ મનાવાય છે.

– એલ સેલવાડોરમાં ૨૨ જુનના રોજ શિક્ષક દિવસ મનવાય છે. આ દિવસે દેશમાં રાષ્ટ્રીય રજા જાહેર કરવામાં આવે છે.

કયા-કયા દેશમાં શિક્ષક દિવસ મનાવાય છેઃ

અલ્બાનિયા, અલ્જેરિયા, આર્મેનિયા, ઓસ્ટ્રેલિયા, આઝરબૈજાન, બાંગ્લાદેશ, બોલિવિયા, બ્રાઝિલ, બુલ્ગારિયા, કેનેડા, કોલંબિયા, કોસ્ટા રિકા, ચેઝ રિપબ્લિક, ઈક્વાડોર, ઈજિપ્ત, જર્મની, ગ્રીસ, હંગેરી, ભારત, ઈરાન, ઈઝરાયેલ, જમૈકા, લાટવિયા, મલેશિયા, મેક્સિકો, મોંગોલિયા, નેધરલેન્ડ્સ, ન્યૂઝીલેન્ડ, પાકિસ્તાન, પેરૂ, ફિલિપિન્સ, પોલેન્ડ, રશિયા, દક્ષિણ કોરિયા, સ્પેન, ટુર્કી, યુનાઈટેડ કિંગડમ, વિયેટનામ, વેનેઝુએલા, યમન અને અન્ય.

## ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના ૧૦ અમૂલ્ય વિચાર

**ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતી નિમિત્તે દર વર્ષે દેશમાં ૫ સપ્ટેમ્બરને 'શિક્ષક દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. રાધાકૃષ્ણન ભારતીય સંસ્કૃતિના વાહક, પ્રખ્યાત શિક્ષણશાસ્ત્રી અને મહાન દાર્શનિક હતા. તેઓ સમગ્ર વિશ્વને એક યુનિવર્સિટી માનતા હતા. તેમનું માનવું હતું કે, જે જગ્યાએથી પણ જે કંઈ શિખવા મળે તેને જીવનમાં ઉતારી લેવું જોઈએ. આવો, આજે આપણા પૂર્વ રાષ્ટ્રપતિના જીવન માટે પ્રેરણા આપતા આવા જ ૧૦ અમૂલ્ય વિચાર જાણીએ.**

**ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના ૧૦ વિચાર...**

**૧. ભગવાનની પૂજા થતી નથી, પરંતુ એ લોકોની પૂજા થાયછે જે તેમના નામ પર બોલાવાનો દાવો કરે છે.**

**૨. શિક્ષક એ નથી જે વિદ્યાર્થીના મગજમાં હકીકતોને પરાણે ભરી દે, પરંતુ વાસ્તવિક શિક્ષક તો તે છે જે તેને આવતીકાલના પડકારો માટે તૈયાર કરે છે.**

**૩. શિક્ષણ દ્વારા જ માનવીના મગજનો સદુપયોગ કરી શકાય છે. આથી, વિશ્વને એક એકમ માનીને શિક્ષણની વ્યવસ્થા કરવી જોઈએ.**

**૪. પુસ્તકો વાંચવાથી આપણને એકાંતમાં વિચાર કરવાની ટેવ અને સાચો આનંદ પ્રાપ્ત થાય છે.**

**૫. કોઈ પણ આઝાદી ત્યાં સુધી સાચી ન કહી શકાય, જ્યાં સુધી તેને મેળવનારા લોકોને પોતાનાં વિચારોને વ્યક્ત કરવાની આઝાદી ન મળે.**

**૬. પુસ્તક એ માધ્યમ છે, જેના દ્વારા વિવિધ સંસ્કૃતિઓ વચ્ચે સેતુનું નિર્માણ કરી શકાય છે.**

**૭. શિક્ષણનું પરિણામ એક મુક્ત રચનાત્મક વ્યક્તિ હોવું જોઈએ, જે ઐતિહાસિક પરિસ્થિતિઓ અને કુદરતી આપત્તિઓ સામે લડી શકે.**

**૮. જ્ઞાનના માધ્યમથી આપણને શક્તિ મળે છે, પ્રેમ દ્વારા આપણને પરિપૂર્ણતા મળે છે.**

**૯. આપણે ટેક્નીકલ જ્ઞાન ઉપરાંત આત્માની મહાનતાને પ્રાપ્ત કરવી પણ જરૂરી છે.**

**૧૦. શાંતિ રાજકીય કે આર્થિક પરિવર્તનથી આવી શક્તી નથી, પરંતુ માનવીય સ્વભાવમાં પરિવર્તન લાવવાથી આવી શકે છે.**

# ઈસ્ટર્ન-વેસ્ટર્ન ઍક્સપ્રેસ હાઈવે પરના ખાડાઓથી પ્રવાસીઓની હાલાકી

## લૉકડાઉન, ભારે વરસાદ ખાડાઓ માટે જવાબદારઃ એમએમઆરડીએ

ઇસ્ટર્ન અને વેસ્ટર્ન ઍક્સપ્રેસ હાઇવેના રસ્તાઓ પર પડેલા ખાડાઓને પગલે પ્રવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ઉપરથી લૉકડાઉનમાં ટ્રેન સેવા બંધ હોવાથી લોકોને રસ્તા માર્ગેથી પ્રવાસ કરવાની ફરજ પડી છે. આ બંને હાઇવેનું મેઇન્ટેનન્સનું કામ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઑથોરિટી (એમએમઆરડીએ) સંભાળે છે. આ અંગે ભાજપના એક નેતાએ જણાવ્યું હતું કે તેમણે રસ્તા પરના ખાડાઓ અંગે અનેકવાર એમએમઆરડીએને ફરિયાદ કરી છે, પણ તેઓ આ સમસ્યા પ્રત્યે દુર્લક્ષ કરી રહ્યા છે. ઇસ્ટર્ન અને વેસ્ટર્ન ઍક્સપ્રેસ હાઇવેના હલકા દરજ્જાના કામને પગલે ચોમાસામાં વરસાદમાં અનેક ખાડાઓ રસ્તા પર પડી ગયા છે. આગામી સમયમાં આ બંને ઍક્સપ્રેસ હાઇવેની સમાંતર નવી મેટ્રો લાઇનો શરૂ થવાની હોવાથી અહીં લોકોની અવર-જવર વધશે. એવામાં ઇસ્ટર્ન અને વેસ્ટર્ન ઍક્સપ્રેસ હાઇવેની સ્થિતિ સુધારવાની આવશ્યકતા છે, પણ એમએમઆરડીએ તેનું કામ કરવામાં નિષ્ફળ ગઇ છે. બોરીવલીના એક રહેવાસીએ જણાવ્યું હતું કે દક્ષિણ મુંબઈમાં આવેલી મારી ઑફિસે પહોંચવા માટે મને રોજના ત્રણ કલાક જેટલો સમય લાગી જાય છે. ટ્રેન સેવા પણ ચાલુ ન હોવાથી મારી પાસે પરિવહનનો બીજો કોઇ પર્યાય ઉપલબ્ધ નથી. રસ્તાના ખાડાઓને પગલે વાહનની ગતિ ધીમી થઇ જતી હોવાથી ટ્રાફિક જામની સમસ્યા નડે છે. અનલોક થ્રી હેઠળ રાજ્ય સરકારે છૂટછાટો આપતા રસ્તા પર વાહનોની અવર-જવર પણ વધી છે. એમએમ- આરડીએએ ખાડાઓની સમસ્યા પ્રત્યે ધ્યાન આપવાની જરૂરી છે. આ અંગે એમ- એમઆરડીએના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે લૉકડાઉનને પગલે આ વખતે ખાડાઓના સમારકામનું કામ રખડી પડ્યું છે. ઉપરથી કોરોનાના સંકટ વચ્ચે એમએમઆરડીએ પ્રશાસન કોરોના કેર સેન્ટર બાંધવામાં વ્યસ્ત હતું. રસ્તા પરના મોટાભાગના ખાડાઓ છેલ્લા અમુક દિવસમાં ભારે વરસાદને પગલે પડ્યા છે. ચોમાસુ પૂર્ણ થયા બાદ રસ્તાના સમારકામ વહેલી તકે હાથ ધરાશે.

# સાજા થયેલા કોરોનાના દર્દીના રિપોર્ટ પણ મહિનાઓ સુધી પોઝિટિવ આવી શકે

શહેરમાં ૧.૦૯ લાખથી વધુ કોરોનાના દર્દી સાજા થઇ ગયા છે. જોકે, આ પૈકી એવા પણ સેંકડો દર્દી ઓ છે જેમને એક મહિનાથી લઇને ચાર મહિના સુધી હૉસ્પિટલમાં દાખલ રહેવું પડ્યું છે. આવા દર્દીઓ સાજા થઇ ચૂક્યા હોવા છતાં તેમના રિપોર્ટ પોઝિટિવ આવતા હોવાથી તેમને હૉસ્પિટલમાં જ રાખવામાં આવે છે.

આ અંગે પાલિકાના અધિકારીના જણાવ્યા અનુસાર ઘણા કેસમાં કોરોના સિવાયની અન્ય બીમારી હોય એવા દર્દી સાજા થઇ ચૂક્યા હોય, પણ તેમનો રિપોર્ટ પોઝિટિવ આવતો હોય તો તેમને એક મહિનાથી લઇને ચાર મહિના સુધી હૉસ્પિટલમાં દાખલ રહેવું પડે છે. આવા દર્દીનો કોરોના રિપોર્ટ નેગેટિવ ન આવે ત્યાં સુધી તેમને હૉસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવતો નથી. આવા કેસમાં દર્દીને ડિસ્ચાર્જ અપાયા બાદ તબિયત ખરાબ થવાની સંભાવના હોય છે, તેથી તેમને ઓબ્ઝર્વેશનમાં રાખવા આવશ્યક છે. આ અંગે અંધેરીમાં આવેલી પાલિકાની એક હૉસ્પિટલના ડૉક્ટરના જણાવ્યા અનુસાર તેમની ત્યાં ૮,૦૦૦ ગંભીર અને જટિલ કોરોનાના દર્દીની સારવાર થઇ છે. આ પૈકી ૧૫ ટકા દર્દીને એક મહિનાથી વધુ સમયગાળા માટે હૉસ્પિટલમાં રાખવામાં આવ્યા હતા. આવા દર્દીઓ પૈકી મોટાભાગના વરિષ્ઠ નાગરિક હતા અને તેમને કોરોના સિવાયની અન્ય બીમારીઓ પણ હતી. દર્દી સાજા થઇ ચૂક્યા હોવા છતાં તેમના રિપોર્ટ પોઝિટિવ આવવા અંગે એક નિષ્ણાંતના જણાવ્યા અનુસાર આરટી-પીસીઆર પદ્ધતિથી કરવામાં આવેલો કોરોના ટેસ્ટ ચોક્કસ રિપોર્ટ આપે છે. ઘણીવાર શરીરમાં મૃત વાઇરસની હાજરી હોય તો પણ રિપોર્ટ પોઝિટિવ આવે છે.

# ભૂતાવળ



– પૂજા ટોપરાણી

ઘાટકોપર ઈસ્ટના રાજાવાડી વિસ્તારમાં ત્રણ પ્લોટમાંથી બનાવેલા એક વિશાળ બંગલામાં નીચે હોલમાં પ્રતાપરાય ભાનુશાલી ઉદાસ ચહેરે બેઠા હતા. તેમની આજુબાજુ રાજકારણ સાથે જોડાયેલા તેમજ સમાજના પ્રતિષ્ઠીત કહી શકાય તેવા લોકો બેઠા હતા.

ચાર દિવસ પહેલા જ તેમના એકના એક સુપુત્ર વિશાલનું કોઈ અજાણ્યા લોકોએ ખૂન કરી નાખ્યું હતું. પ્રતાપરાય એક રાજકીય પાર્ટી સાથે જોડાયેલા હતા તેથી બધા એ જ ચર્ચા કરતા હતા કે આ કામ કદાચ અપોઝીશન પાર્ટીનું હોઈ શકે.

બીજે દિવસે સવારે પ્રતાપરાય આ જ બાબતની ચર્ચા કરવા પાર્ટી ઓફીસ જવા નિકળ્યા. ઘરે તેમના પત્નિ સીતા એકલા જ હતા. તેઓ પોતાના બેડરૂમમાં શૂન્યમનસ્ક બેઠા હતા. ત્યાં તો વર્ષોથી તેમની સાથે જ રહેતા સીતાના અતિ વિશ્વાસુ જમનામાસીએ આવી ને કહ્યું : સીતા, નીચે પોલીસ આવી છે.

કારમા ઘા ની પીડા, સતત થતા પૃથક્કરણને લીધે બેવડાઈ જતી હોય છે. પગથિયા ઉતરતી વખતે સીતાએ જોયું કે એક ઊંચો પાતળો યુવાન, પોલીસ વર્દીમાં વિશાલે બનાવેલી પેન્ટીંગ નિરખી રહ્યો હતો. વિશાલે બનાવેલી તે છેલ્લી પેન્ટીંગ સીતાને ખૂબ જ ગમી ગયેલી.

પગરવનો અવાજ સાંભળી તે યુવાને પાછળ ફરીને જોયું ત્રીસેક વર્ષના તે યુવાનનો ચહેરો જોઈ સીતા સ્તબ્ધ બની ગઈ! તે થોડીક ક્ષણો સુધી યુવાન ચહેરાને નિરખતી જ રહી. એ જ ચહેરો, એવા જ ઘૂઘરાળા કાળા વાળ અને એવી જ છટા!!

થોડીક ક્ષણોમાં સજાગ બની સીતાએ હાથના ઈશારે યુવાનને સોફામાં બેસવા કહ્યું.

યુવાન જાણે દરેક બાબતનું નિરીક્ષણ કરતો હોય તેમ અહીં તહીં જોતો રહ્યો અને પછી બોલ્યો : આઈ એમ સોરી. જે બન્યુ તે માટે હું ખૂબ દિલગીર છું. આ કેસનો ઈન્ચાર્જ હું છું. આઈ એમ ઈન્સ્પેક્ટર અજય મંગે મારે જાણવું છે કે આ બધું કઈ રીતે બન્યું?

અચાનક સીતાની આંખોમાં આંસુ ઉભરાયા હું તેમને ન ઓળખી શકી એમ કહી તે ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી.

પચાસેક વર્ષની સ્ત્રીને આ રીતે રડતી જોવાના બનાવો ઈન્સ્પેક્ટર તરીકે હમણાં જ શરૂ થયેલી કારકિર્દીમાં ઝાઝા નહોતા બનેલા તે ઊભા થતા બોલ્યો : આ મારુ કાર્ડ રાખો, તમને કંઈ યાદ આવે તો મને કોઈપણ ટાઈમે ફોન કરી શકો છો. તપાસ માટે આમ પણ મારે અવારનવાર આવવું પડશે.

ક્ષણનાય વિલંભ વગર સીતા બોલી : છેલ્લા કેટલાક દિવસથી વિશાલ પરેશાન હતો. ખાસ કરીને તેની માનેલી બહેન શ્વાતિના આપઘાત પછી.

ઈન્સ્પેક્ટર અજયની આંખમાં ચમકારો થયો. તેણે સીધુ જ પૂછ્યું : શ્વાતિ તો તે જન ને જેનું નામ ડ્રગ્સની હેરાફેરી માટે ઊછળ્યું હતું?!

સીતા કશું જ ન બોલી શકી. અચાનક જ તે સોફામાં ફસડાઈ પડી. ઈન્સ્પેક્ટર અજય પણ વધારે પૂછ્યા વગર ચાલ્યો ગયો. થોડીવાર પછી જમના માસી નીચે આવ્યા. તેમણે સીતાને બબડાટ કરતા જોઈ પૂછ્યું : સીતા...?! શું થયું સીતા! આટલું પૂછી સીતાના માથા પર હાથ ફેરવવા લાગ્યા.

સીતાએ આંસુ ભરી આંખે જમનામાસી સામે જોયું અને કંપતા સ્વરે પૂછ્યું: હું તો પાડોશીના નાતે તમને માસી કહેતી હતી પરંતુ તમે તો વિજયના સગા કાકી હતા! તેમને પણ ખબર ન પડી કે વિજયનું શું થયું?! તે મને ખરેખર મુકીને ચાલ્યો ગયો હતો કે પછી...??

એક ક્ષણ... માત્ર એક જ ક્ષણ જમનામાસીનું શરીર ધ્રૂજ્યું. પરંતુ બીજી જ ક્ષણે સ્વસ્થ થઈ તે બોલ્યા : બેટા.... અત્યારે તું ભૂતકાળ યાદ નહીં કર. કેટલી થાકી ગઈ છે, તું ચાલ... તારા બેડરૂમમાં જા. હું તારા માટે કોફી બનાવું છું.

જમના માસીની વર્તુણક અને બનેલા બનાવોએ સીતાને ઘણા બધા પ્રશ્નોના જવાબો આપી દીધા.

બે મિનિટ પછી બેડ પર આડી પડેલી સીતાની આંખો સમક્ષ પોતાનો ભૂતકાળ તાદ્રશ્ય થવા લાગ્યો.

કચ્છનું નાનકડું ગામ પાડોશમાં રહેતા જમનામાસીનો ભત્રીજો વિજય... સીતાથી બે જ વર્ષ મોટો ભારે સ્વાભિમાની અને ભણવામાં તેજસ્વી. કોલેજમાં આવ્યા પછી બચપણની દોસ્તી ક્યારે પ્રેમમાં પરિણમી સીતા અને વિજયને ખબર જ ન રહી. કોઈ નબળી ક્ષણે બન્ને નજદીક આવી ગયા. સીતામાં થતા શારીરિક ફેરફારો જોઈ કોઠા ડાહ્યા સીતાના મમ્મીએ જમનામાસીને વાત કરી અને પંદર જ દિવસમાં વિજય અને સીતાના લગ્ન ગોઠવી દેવાનો નિર્ણય લેવાયો.

તે દરમિયાન ગામમાં નાતનો મેળાવળો યોજાયો હતો. દર વર્ષે ત્રણ દિવસ ચાલતા આ મેળાવળાના મુખ્ય આયોજક શંકરભાઈ ભાનુશાલી રહેતા મુંબઈ સ્થાયી થયેલાં શંકરભાઈ દર વર્ષે આ પ્રસંગ માટે ખાસ ગામમાં આવતા.

આ મેળાવળા દરમિયાન જ શંકરભાઈના એકના એક પુત્ર પ્રતાપની નજર સીતા પર પડી અને બીજે જ દિવસે શંકરભાઈ તરફથી સીતા માટે કહેણ આવ્યું શંકરભાઈ જેવા નાતના મોભી તરફથી આવેલા કહેણને જો કે સીતાના મા-બાપે વિવેકસર ના પાડી. શંકરભાઈએ પણ આ વાતે હસતા હસતા સ્વીકારી દીધી.

પરંતુ લગ્નના ચાર દિવસ પહેલા વિજયના ગુમ થવાના સમાચારે નાનકડા ગામમાં ખળભળાટ મચાવી દાધો ! અઠવાડિયાની ભાગ-દોળને અંતે પણ વિજયનો ક્યાંય પત્તો ન લાગ્યો!

છેવટે શંકરભાઈ આવીને સીતાના માતા-પિતાને આશ્વાસન આપી ગયા: તમારી સીતાનો હાથ મારો પુત્ર પ્રતાપ પકડી લેશે.

શંકરભાઈ મુંબઈ રવાના થઈ ગયા પછી થોડા મહિનાઓ માટે સીતા, તેના મમ્મી-પપ્પા અને જમના માસી ભૂજના એક ગેસ્ટ હાઉસમાં રહેવા ચાલ્યા ગયા.

પ્રસુતિકાળ દરમિયાન બેભાન બનેલી સીતા જ્યારે ભાનમાં આવી ત્યારે જમના માસીએ તેને સમાચાર આપ્યા કે તેના કૂખે મરેલો બાળક જનમ્યો છે! સીતા ત્યારે હતપ્રભ રહી ગઈ. વિજય પણ ચાલ્યો ગયો અને તેની નિશાની પણ.....

ત્યાર પછી સીતાના લગ્ન પ્રતાપ સાથે કરી નાખવામાં આવ્યા. બાંભડાઈ ગામમાં સાત દિવસ સુધી ચાલેલા લગ્નોત્સવ પછી કન્યા-વિદાય વખતે સમગ્ર ગામ ઉપસ્થિત રહેલું. સીતાના આગ્રહને કારણે એકલા થઈ ગયેલા જમનામાસી પણ મુંબઈ જવા જોડાયા.

સીતા જ્યારે યાદદાસ્તના સમંદરમાંથી બહાર આવી ત્યારે બપોરના બે વાગવા આવ્યા હતા.

ત્યાં તો કોફી લઈને જમનામાસી બેડરૂમમાં દાખલ થયા. કોફીનો મગ હાથમાં લઈને સીતાએ પૂછ્યું : માસી, મને એવું લાગે છે કે મારીથી તમે ઘણી વાતો છુપાવી છે! તમને મારા સમ છે જો મારાથી એક પણ વાત છાની રાખી છે તો.

જમના માસી બેડના કિનારે બેસી ઊંડો શ્વાસ લઈને સ્વસ્થ અવાજે બોલ્યાઃ સીતા... પચ્ચીસ વર્ષ પહેલા જે બન્યું હતું તે અતિ ભયંકર હતું ! ગુમ થવાના બે દિવસ પહેલા વિજયે, શંકરના બદ ઈરાદા વિસે આડકતરો ઈશારો કરેલો પણ ... પણ હું તેને બચાવી ન શકી. પરંતુ તારી કૂખ ઉજાડવાના શંકરીયાના પ્રયાસને મેં સફળ થવા ન દીધો. તારા અને વિજયના દિકરાને હું મારા હાથે અનાથ-આશ્રમમાં મૂકી આવી. ભલી નર્સ મને કામમાં આવી ગઈ અને દુનિયાને જાણ કરાઈ કે તારી કૂખે મૃત બાળક જનમ્યો છે. જો આમ ન કર્યું હોત તો.. તો શંકર.... પછીનું વાક્ય જમનામાસી ગળી ગયા. છેવટે તેણે એટલું જ કહ્યું : ઈન્સ્પેક્ટર અજય મંગે એ જ તારો પુત્ર છે. તારો અને વિજયનો!!

બપોરે ત્રણ વાગે ડાઈનીંગ ટેબલ પર સીતાની સામે પ્રતાપરાય બેઠા ત્યારે તે નશામાં ચૂર હતા. સીતા તેનો અર્થ બરોબર જાણતી હતા. પણ આ વખતે તે તૈયાર હતી! ને પકી ન ખોળામાં ગોઠવીને ધમકીભર્યા સ્વરે સીતા તરફ જોયા વગર બોલ્યા : પૂછપરછ માટે પોલીસમાંથી કોઈ આવે ત્યારે તારું સડેલુ મોઢું બંધ રાખજે અને.... અને ચાર દિનસ પહેલા જે બન્યું હતું તે બધું ભૂલી જાજે નહીં તો તારી ખેર નથી.

લગ્નજીવનના આટલા વર્ષોમાં પ્રથમ જ વખત અભેદ મૌનની દિવાલ તોડી સીતા ઠંડે કલેજે બોલી : તમારા પાપનો ઘડો ભરાઈ ગયો છે પ્રતાપરાય ! હવે તમને કોઈ બચાવી શકે તેમ નથી.

પ્રતાપરાયના માનવામાં ન આવ્યું કે સામે બેઠેલી સ્ત્રી તેની પત્ની સીતા હોઈ શકે! ગુસ્સાથી પાગલ બની તે ઊભા થયા અને સીતા તરફ ધસી ગયા. તેનો હાથ ઉપડે એ પહેલા જ 'સટાક' કરતી જોરદાર થપ્પડ તેના ગાલ પર પડી અને સીતાનો ધારદાર અવાજ શાંત વાતાવરણમાં ગુંજી ઊઠ્યો : આ મારા વિજયને ગુમ કરવા બદલ અને આ... આ મારા વિશાલના બેહાલ કરવા બદલ બીજી વખત ઉદ્ભવેલા 'સટાક' અવાજની સાથે જ પ્રતાપરાય ભોંયભેગા થયા અધમૂઆ થયેલા પ્રતાપરાયની ડરેલી આંખોએ જોયું કે સીતા મોબાઈલ પર નંબર ડાયલ કરી રહી હતી. જમનામાસી તેની પડખે જ ઊભા હતા.

બીજે દિવસે નાના મોટા દરેક છાપામાં અને લોકલ ટી.વી. ચેનલો પર બ્રેકીંગ ન્યુઝ છવાયેલા રહ્યા :

'પિતાના હાથે પુત્રનું ખૂન. પ્રતાપરાય બેનકાબ !'

'પ્રતિષ્ઠિત રાજકિય જીવનના મોભા હેઠળ ડ્રગ્સનો કારોબાર'

'ગવાહ બનેલી પુત્રની માતા ઈન્સ્પેક્ટર અજય મંગેની સુરક્ષામાં'

તે જ રાત્રે પ્રતાપરાયના બંગલામાં જમના માસીવનું અટહાસ્ય લાંબા સમય સુધી પડઘાતું રહ્યું : લે... લે.... લતો જા નરાધમ મારી રાવણની લંકા ભૂતાવળ બની ગઈ ને!!



# સુપર સ્ટાર સુશાંતની આત્મહત્યા કે હત્યા?

**શબ્દોનું સ્પંદન**



પ્રા. બિંદુ મહેતા

અનેક સ્વપ્નાઓથી છલોછલ ભરેલો અને તેને પુરા કરી શકવાની જેનામાં પુરેપુરી ક્ષમતા હોય આમ દામ ઠામ સાથે ભરપુર કામ પ્રસિદ્ધિ પૈસા પદ હોય તેવો બુદ્ધિશાળી પરીપક્વ યુવાન વ્યક્તિ આમ આત્મહત્યા કરે? કોઈ સુસાઈડ નોટનો પણ અભાવ હોઈ પણ આત્મહત્યા પાછળ ડિપ્રેશનનું નામ જોડી દેવું તે સાવજ સરળ છે. ડિપ્રેશનમાં ડાયબીટીસની જેમ ઘણીવાર એક ગોળીથી પણ ચાલી જાય છે. અને તેઓને પરીવારના સાથ સહકારની જરૂર હોય છે. પરીવાર સુખ જીવનમાં પાયાની જરૂરીયાત છે ઓછામાં ઓછી બે વ્યક્તિ લગ્ન કે રક્ત સંબંધીઓનું સાથે હોવું જરૂરી છે આજે જ્યાં પરીવારના સંબંધોગૌણ બનતા જાય છે અને બહારના સંબંધો છીછરા હોય છે ત્યાં સમસ્યા સર્જાય છે. ઘરમાં એક બાળક એક વડીલ હોય તો ઘણું સારું લાગે બાળક સાથેના સંબંધમાં પ્રેમ હળવાશનો અનુભવ થાય અને વડીલની હાજરીથી માર્ગદર્શન મળે અને નિયંત્રણ રહે પરીવારમાં એક બીજાની રોજબરોજની વાતોથી વાકેફ રહેવું જરૂરી છે. બીજીવાત લીવઈન રીલેશનશીપ પરણવાની બાધાને નોતરાની છુટ્ટી જવાબદારી વગરના જાતિય સંબંધો ચળકતા ઝાકઝમાળના પણ એક ધક્કો લાગતા તુટી જાય કોઈ પણ સંબંધમાં બન્નેની નીતિમત્તા સરખી ન પણ હોય સંબંધો તુટતા કોઈને મોજ પડે ને છોડ મુરજાઈ જાય ત્રીજીવાત ડ્રગ્સ લેવું કે આપવું આ ગુનો ધીમું ઝેર છે. જે વ્યક્તિને નકામી બનાવે કે પાગલ બનાવે કે મોત તરફ વાળે છે અને બોલીવુડનો ડ્રગ્સ સાથેનો સંબંધ ઘણો જુનો છે ડ્રગ્સની હેરાફેરી કરોડોમાં થાય છે જે મોટામાં મોટો ગુનો કહેવાય. આ કેસમાં ડ્રગ્સના મામલામાં રીયા વિશકન્યા પુરવાર થઈ હોય તેવું લાગે છે ચોથી વાત જે બહુજ અગત્યની છે પોલીસે ૧૪ જૂનથી સુશાંતના મૃત્યુ પછી આ કેસમાં કોઈ ગુનેગારને કે સાચું શોધવા કમર કસી હોય તેવું લાગતું નથી નેતાઓ સરકાર વારંવાર કહેતા હતા કે મુંબઈ પોલીસ સુશાંતના કેસને સંભળવા માટે સુક્ષમ છે સી.બી. આઈ. ને વચ્ચે લાવવાની જરૂર નથી બે મહિનાથી પોલીસે શું જાણકારી પ્રાપ્ત કરી કોણે શું કર્યું કહ્યું એક શબ્દ બહાર આવ્યો નથી મુંબઈ પોલીસનું નામ વિશ્વમાં મોખરે છે તો આ કેસમાં પોલીસે બે મહિનામાં કેસને આટોપી લેવાનું કામ કર્યું છે. પોલીસ સક્ષમ છે જે તેણે નિશ્ચય કર્યો કે ગુનેગારને પકડવો જ છે તો પકડી શકે છે ને ગુનેગારને છાવરવો હોય તો તેમ પણ કરી શકે છે ડ્રગ્સ લેનારાઓનું પ્રમાણ જે રીતે વધી રહ્યું છે. તેમાં પોલીસના આંખ આડા કાન જવાબદાર છે. ભારતીય પોલીસ સાથે લાંચના સંબંધો ચોલી દામન જેવા છે પોલીસ છે પાંચમી વાત પોસમોર્ટમ અડધી રાત્રે કરવાનું આમાં જલ્દી આ ગુનાને સંકેલી લેવાની વાત છે તેમજ પોસમોર્ટમમાં મૃત્યુનો સમય ન લખ્યો હોય તે બહુ મોટી ભુલ છે આ મૃત્યુમાં ચોક્કસ કાવાદાવાની ગંધ આવી રહી છે. મરનાર વ્યક્તિ માટે તેની આસપાસના પોતાની સમજનીતિમત પ્રમાણે તેનું ચિત્ર દોરે તેનું બીજા બધા પોતાની રીતે અર્થઘટન કરે આખ ચડાવે જેમાં સાચું ચિત્ર શોધવું મુશ્કેલ છે. સામાજિક સમસ્યા સાથે અમારો દાયકાઓનો સંબંધ છે પછી તે ઘરેલુંથી માંડીને વૈશ્વીક આત્મહત્યા કે હત્યા બળાત્કાર ડ્રગ્સ કે લીવ ઈન વિ.વિ. મારી હંમેશા ફરીયાદ રહી છે કે આજ સુધી કોઈ જ સરકારે ક્યારેય આ તરફ લાલ આંખ કરી નથી કે તેમનુ લોહા ઉકાળ્યું નથી માત્ર સમસ્યા માટે પરીવાર સરકારને સા. સંસ્થામાં જાગૃતિ હોવી ઘણા જ જરૂરી છે દરેક માટે સારું સામાજિક સ્વાસ્થ્ય જરૂરી છે આ બધી બાબત જાણવી ભણાવવી સેમીનાર વર્કશોપ રીફ્રેશર કોર્સમાં તેની સુક્ષ્મ રીતે છણાંવટ થાય સરકારને સૂચનો મોકલાય બસ ત્યાં પૂર્ણવિરામ આવી જાય આજે સુશાંત જેવી સુપર સ્ટાર વ્યક્તિ હોવાથી સી.બી.આઈ. તપાસ કરે છે બાકી કેટલાયે કેસોમાં પુરતી તપાસના અભાવથી અને કાયદાની આંટા ઘુંટીમાંથી ગુનેગાર છટકી જાય છે જેને કારણે ગુનાઓની સંખ્યા કુદકેને ભુસકે વધતી રહે છે.

# "શું ડિપ્રેશન અને ક્લિનીકલ ડિપ્રેશન ભિન્ન ભિન્ન છે? ભાગ ૭-ગેરસમજ-૪

ડૉ. મણીલાલ ગડા સિનીયર મનોચિકિત્સક
ડૉ. દિપ્તીશાહ (ગડા) મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક

આગળના લેખોમાં જાણ્યું કે ૧) નકારાત્મક વિચારો આવવા એક ક્લિનીકલ ડિપ્રેશનની બીમારીનું લક્ષણ છે આ નકારાત્મક વિચારો દર્દીના કાબૂમાં નથી હોતા ૨) શારીરિક બીમારીઓની જેમ ક્લિનીકલ ડિપ્રેશનની બીમારી વધઘટ થઈ શકે છે. દર્દી ઢોંગ કે નાટકનીથ કરતી. ૩) જે વ્યકિત પહેલા નિયમિત કાર કરનારી હોય તે એકાએક આળસુ બની કામથી વિમુખ થઈ જાય એ માનસિક રોગનું લક્ષણ છે. તેને સલાહને બદલે મનોવૈજ્ઞાનિક નિદાન તથા સારવાર આપવાની આવશ્યકતા છે.

ગેરસમજ-૪ – 'કોઈએ આ વ્યક્તિને કાંઈ કરી નાખ્યું છે, બહારની અસર છે. ભૂતપિશાચ કે શયતાનની અસર છે'

**મનોવૈજ્ઞાનિક સત્યઃ** વૈજ્ઞાનિક પ્રગતિની આ ૨૧મી સદીમાં જયા ઈન્ટરનેટ, ઈ-મેઈલ, ડીઝીટલ ટેકનોલોજી આંગળીના વેઢે મળે છે. એવા મસયે ઘણા લોકો દ્રઢતાપૂર્વક (ખોટું) માને છે કે માનસિક રોગથી પીડાતી વ્યક્તિ ભૂતપિશાચ, શયતાન, દેવીની અસર હેઠળ આવેલ છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિએ ભણીત, પિશાચ, શયતાન કે દેવીનું કોઈ અસ્તિત્વ જ નથી. આ માત્ર તાર્કિક આધાર કે તર્ક સંગત ઉત્પતિનો આભાસ છે. અહીં વર્ણવેલ કેસ પરથી આ બાબત સમજાશે.

**કેસ સ્ટડી :** ૪૦ વર્ષની સુષ્માને (નામ બદલ્યું છે) બે એક વર્ષથી માથામાં વારંવાર દુઃખાવો થતો હતો. ઘણીવખત દુઃખાવો સખત થતો હતો. સુષમાથી એ દુઃખાવો સહન ન થતો ચક્કર (vertigo) આવતા હતા. રાત્રે ઊંઘ વ્યવસ્થિત આવતી ન હતી. શરીરમાં નબળાઈ રહેતી હતી. થોડુંક જ કામ કરતાં થાક લાગતો હતો. ભૂખ ઓછી થઈ ગઈ હતી. પાચેક કિલો વજન ઓછું થઈ ગયું હતું. હાથપગમાં ઝણઝણાટી થતી હતી. વારંવાર ખાટા ઓડકાર આવતા હતા.

વૈદ્યકિય શારીરિક તપાસ નોરમલ હતી. લોહીની તપાસ નોરમલ હતી. ડાયબીટીસ, થોઈરોઈડ માટેની તપાસ નકારાત્મક હતી. માથાનો સી.ટી. સ્કેન, એમ.આર.આઈ. સ્કેન નોરમલ હતા. ઘણા ડોક્ટરનો અભિપ્રાય લીધો હતો. ફિઝિશીયન ન્યોરોલોજિસ્ટને કનસલ્ટ કર્યા હતા. સુપર સ્પેશિયાલીસ્ટ હોસ્પિટલમાં પણ બતાડેલ.

સુષ્માનો પતિ સારું કમાતો હતો. એને કોઈ કુટેવો ન હતી. એક જ દીકરો હતો. જે ભણવામાં ૯૦%થી વધારે માર્કસ મેળવતો હતો. રહેવા માટે અલગ સુખ સગાવડોવાળું ઘર હતું.

પરિવારજનોને લાગ્યું કે આ સુખી કુટુંબને કોઈની નજર લાગી છે. ઘરનું સુખ જોવાતું નથી. એટલે જ તકલીફ હોવા છતાં બધી જ શારીરિક તપાસ નોરમલ છે. ડોક્ટરને બદલે નજર ઉતારવાની ક્રિયાઓ કરવી જોઈએ. સુષ્માને ભૂવા પાસે લઈ ગયા. એણે કહેલ પ્રમાણે બધી જ વિધિઓમાં ૧) સમય નીકળતો ગયો, ૨) પરેશાની વધતી ગઈ, ૩) પૈસાની બરબાદી થઈ, ૪) બીમારી વધતી ગઈ મનોચિકિત્સક કન્સલટેશનઃ છેલ્લા ઉપાય તરીકે સુષ્માને લેખક પાસે અભિપ્રાય માટે લાવ્યા. ઊંડાણમાં જતાં જણાયું કે સુષ્માને જીવનમાં બધી બાબતોમાંથી રસ ગુમાવ્યો હતો. ઉમંગ ઘણો જ ઓછો થઈ ગયો હતો. વારંવાર રડવું આવતું હતું જીવન જીવવામાં રસ રહ્યો ન હતો. મરવાના વિચારો આવતાં હતાં.

સુષ્માના કિસ્સો ક્લિનીકલ ડિપ્રેશનની બીમારીનો છે. બીમારી માટેનો પરિબળઃ સુષ્માનો પતિ સુષ્મા માટે જરાય સમય ફાળવતો ન હતો. અઠવાડિયાની રજાના દિવસે (રવિવારે) પણ કાં તો મિત્રો જોડે સમય ગાળતો કે પછી સૂઈ જતો. પતિને એમ હતું કે પત્નીને જોઈએ એનાથી વધારે પૈસા આપી દીધા એટલે પતિ તરીકેની એની જવાબદારીઓ પૂરી થઈ જતી હતી.

સુષ્માની શારીરિક જરૂરીયાતો પૂરતા પ્રમાણમાં પરિપૂર્ણ થતી હતી પરંતુ માનસિક જરૂરીયાતો પૂર્ણ થતી ન હતી. અપૂર્ણ માનસિક અપેક્ષાઓને લીધે લાગણીશાલ સુષ્મા સ્ટ્રેસમાં જીવતી હતી.

બીમારીના યોગ્ય નિદાન માટે શારીરિક તકલીફો તથા શારીરિક તપાસ સાથે ઉર્મિતંત્ર તથા મનની તપાસ (વિચારો, લાગણી, કાર્ય, એકાગ્રતા, ગ્રહણશક્તિ, સ્મરણશક્તિ વગેરે) કરવી અગત્યની છે.

સારવારઃ સુષ્માને ડિપ્રેશન પ્રતિરોધક દવાઓ તથા કાઉન્સેલિંગ દ્વારા સારવાર આપવામાં આવી પતિએ સારવારમાં યોગ્ય સહકાર આપ્યો.

એક મહિનામાં ટૂંકા ગાળામાં અપેક્ષિત ફેરફાર થયો.

વલણ બદલોઃ થોડાક સમય પહેલા શીતળાનો રોગ એ દેવીએ દીધેલ શાપ મનાતો હતો. સારવારનાં દસેક દિવસ બાદ દેવીને મનાવવા દર્દીને મંદિરે લઈ જતા આજે આ માન્યતા ખોટી ઠરી છે. આપણે સૌ જાણીએ છીએ કે શીતળા વાઈરસથી થતો રોગ છે શીતળા વિરોધી રસી લેવાથી રોગ અટકાવી શકાય છે.

ક્લિનીકલ ડિપ્રેશનની બીમારી એ મગજના જ્ઞાનતંતુમાં થતા કદ, રચના તથા રાસાયણિક ફેરફારોને લીધે ઉદ્ભવે છે. મનોવૈજ્ઞાનિક પદ્ધતિથી નિદાન કરી તથા યોગ્ય સારવારથી તેનું નિવારણ થઈ શકે છે. (સુષ્માનો કેસ)

માનસિક રોગના દર્દી માટે ભૂવા પાછળ દોડીને સમય, પૈસા, શક્તિનો વેડફાટ કરવા કરતાં મનોચિકિત્સક પાસે યોગ્ય નિદાન કરાવી પદ્ધતિસરની તબીબી સારવાર ત્વરિત શરૂ કરવી જોઈએ જેથી સારવારનું સારું તથા અપેક્ષિત પરિણામ જલ્દીથી મેળવી શકાય.



# Forget & Forgive

– રાજયોગી બ્રહ્માકુમાર નિકુંજ

Forgiveness, like so many other things in life, is easier said than done. We all seek forgiveness when we do anything wrong, but our stance is quite different when someone seeks forgiveness from us, reason ? because we find it hard to let go of what's happened with us. We must remember that forgiveness can only occur because we have been given the gift of the ability to make choices. Hence, if we want to forgive someone no one can stop us no matter how poorly they may act because ultimately its our choice to forgive or not to forgive . This ability to forgive is a manifestation of the personal control we have over our lives.

Most of us regret many things that we have said or done in the past. It's a fact that we all have acted wrongly, either because of not knowing what is right, or out of fear or misunderstanding. However,with time and knowledge, we realize what is right and begin to make amends. Just by having this desire to change ourself, we begin the process of forgiving self which in turn helps us to forgive others. If we do not learn to forgive, resentment will poison us & we would end up carrying double burden i.e. both of resentful thoughts of others' injustice and the hidden reality of our own injustice. Hence, the only way to release ourselves from these bitter emotions is to forgive.

The power to forgive comes from compassion ,which means we should compassionately and peacefully move forward with what is good, towards what is better. To forgive and forget is love in action. But we must learn to forgive ourselves, as well as others, otherwise the process of releasing the burden would neither begin nor progress. Forgiving ourselves means letting go of the past. But it also means not making the same mistakes again and again; not inventing convenient ways to excuse ourselves. Remember!! A person who has hardened his own heart against others cannot feel even God's forgiveness and compassion. Hence, if we want to be forgiven, then we must be willing to forgive first ,because the one who forgives first not only proves his justice, but especially proves his love. That is why it is said that 'A life well lived is your best revenge'.

So,instead of focusing on your wounded feelings, and thereby giving the person who caused you pain , the power over you, learn to look for the love, beauty and kindness around you.This will make the world a better place to live in.

## એનએસયુઆઈ મુંબઈ દ્વારા ઘાટકોપર સ્ટેશન પર વિરોધ પ્રદર્શન




ભારત સરકાર દ્વારા જેઈઈ અને નીટ પરીક્ષાઓની તારીખો આગળ ન વધારી રહી હોવાથી એનએસયુઆઈ મુંબઈના ઉપાધ્યક્ષ પ્રદ્યુમન યાદવ, પ્રિન્સ જૈન વગેરે વિદ્યાર્થીઓ દ્વારા ઘાટકોપર સ્ટેશન ખાતે તેનો વિરોધ દર્શાવવામાં આવ્યો હતો.



ઘાટકોપર વેસ્ટ કામાલેનમાં આવેલ ઘનશ્યામ બાગ સોસાયટીમાં ભારે વરસાદને કારણે ઈલેક્ટ્રીક બુથ – પીલરમાં અચાનક આગ લાગી ધુમાડા નીકળવાના શરૂ થઈ ગયા હતા. સ્થાનિય રહેવાસી શૈલેષ મહેતાએ અદાણી ઈલેક્ટ્રીસીટી અને સાત સભ્યોની ટીમની સહાયથી આગ લાગેલ સ્થળે યોગ્ય કાર્યવાહી હાથ ધરી હતી.




ગત છ માસથી ધાર્મિક સ્થળો બંધ હોવાને કારણે દેવ દર્શન પણ બંધ છે જેને લીધે જનસંઘ સેવક મંચ તથા સ્વયં સિદ્ધ નારી સંસ્થા દ્વારા ઘાટકોપર ખાતે ઘંટનાદ આંદોલનનું આયોજન કરી સરકારનો વિરોધ કરવામાં આવ્યો હતો અને મંદિરો ખોલવાની માગ કરવામાં આવી હતી.

## શિક્ષક દિને રસિક શુકલ દ્વારા પ્રકાશિત માસીક મેગેઝીન 'યુવાન-વડીલ'નો ૩૦૦માં જમ્બો અંક પ્રકાશિત કરશે



ગત બે દાયકાથી ઘાટકોપરથી પ્રકાશિત માસીક મેગેઝીન યુવાન-વડીલનો ૩૦૦મો અંક શિક્ષક દિનનાં પ્રકાશિત થશે આ મેગેઝિનનાં રચયિતા રસિકભાઈ શુકલ પોતે શિક્ષક છે અને આ અંક તેઓ શિક્ષક દિને પ્રકાશિત કરી શિક્ષકોને સમર્પિત કરશે. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે લોકો જે ડોનેશન આપે તેના માધ્યમે આ મેગેઝિન વર્ષોથી લોકોની સેવાર્થે પ્રકાશિત કરું છું. ૨૦ વર્ષની પૂર્ણાહુતિનો આ ૩૦૦મે અંક ૧૦૮ પાનાનો છે જે મેળવવા માટે રસિક શુકલનો ૯૮૨૧૦ ૫૪૧૯૨ પર સંપર્ક કરો.

## મનપાનાં રિટાયર્ટ એકઝીક્યુટીવ એન્જીનીયર પ્રવિણચંદ્ર કોઠીરીનું ૮૪ વર્ષે નિધન



મુંબઈ મહાનગર પાલિકાનાં રિટાયર્ડ ડેપ્યુટી સિવીલ એન્જીનીયર ઘાટકોપરનાં રહેવાસી પ્રવિણચંદ્ર કોઠારીનું ૨૯ ઓગસ્ટ ૨૦૨૦નાં ૮૪ વર્ષની ઉંમરે નિધન થયું હતું. તેઓ ઘાટકોપર ઈસ્ટનાં એમ.જી.રોડ ખાતે આવેલ શંકર છાયા બિલ્ડીંગમાં રહેતાં હતાં. મનપામાં ગુજરાતી તરીકે ઉચ્ચ પદે પહોંચનાર ખૂબ જૂજ વ્યક્તિઓમાં તેમનું નામ આજે પણ જાણીતું છે.

## છેલ્લાં ૬૨ વર્ષનો વિક્રમી ૫૦ ઈંચ વરસાદ પડ્યો મુંબઈમાં ઓગસ્ટમાં



ઓગસ્ટ મહિનામાં આખરી દિવસ સોમવારે રાતે ૮.૩૦ વાગ્યા સુધીમાં મુંબઈમાં ૭.૬ મિલિમીટર વરસાદ નોંધાતા છેલ્લાં ૬૨ વર્ષમાં આ ઓગસ્ટમાં સૌથી વધુ વરસાદનો વિક્રમ થયો હતો.


ભારતીય હવામાન ખાતાની સાંતાક્રુઝ વેધશાળાએ આ વર્ષે ઓગસ્ટ મહિનામાં ૧૨૪૮ મિલિમીટર (લગભગ ૫૦ ઈંચ) વરસાદ નોંધ્યો હતો. છેક ૧૯૫૮માં ઓગસ્ટ મહિનામાં ૧૨૫૪ મિલિમીટર વરસાદ પડ્યો હતો. એ પછી સૌથી વધુ વરસાદ આ ઓગસ્ટમાં પડ્યો છે. નવા વર્ષે ઓગસ્ટમાં માત્ર ૫૮૬ મિલિમીટર (૨૩ ઈંચથી થોડો વધુ) વરસાદ પડ્યો હતો.

સોમવારે સવારે ૮.૩૦ થી રાતે ૮.૩૦ વાગ્યા વચ્ચે સાંતાકૃઝમાં ૭.૬ મિ.મી. અને કોલાબામાં ૪.૬ મિ.મી. વરસાદ પડ્યો હતો. કોલાબામાં ઓગસ્ટ મહિનાનો વરસાદ ૧૧૩૨ મિ.મી. (૪૫ ઈંચથી વધુ) થયો હતો. જોકે, કોલાબામાં ૧૯૮૩માં ઓગસ્ટમાં ૧૧૮૮ મિ.મી. વરસાદની નોંધ થઈ હતી.

ઓગસ્ટના વરસાદ સાથે આ સિઝનમાં કોલામાં ૨૮૮૭ મિ.મી. (લગભગ ૧૧૫ ઈંચ) અને સાંતાકૃઝમાં ૩૧૪૫ મિ.મી. (લગભગ ૧૨૬ ઈંચ) વરસાદ થઈ ચૂક્યો છે.

આ વર્ષે ચોમાસું પાછું ખેંચાવાની તારીખ ૧૪ ઓક્ટોબર છે.

**ધન્ય તમારી તપસ્યા સ્વીકારો અમારી અનુમોદના**



હેતવી દેઢીયા (૮ ઉપવાસ)

# વોઈસ ઓફ ઘાટકોપર ક્લાસિફાઈડ્સ

એડ આપવા માટે સંપર્ક 022-40229684

/vognewslive

www.vognewslive.com

જાહેરખબરના દર

ક્લાસિફાઈડ્સ જાહેરખબર ૧૫ શબ્દોના રૂા. ૧૦૦ લેખે સ્વિકારવામાં આવશે. હેડીંગના રૂા. ૧૦ એક્સ્ટ્રા થશે. ૧૫ શબ્દો પછીના વધારાના દરેક શબ્દ દીઠ રૂા. ૪. જાહેરખબર બુધવાર સાંજ સુધી જ સ્વીકારવામાં આવશે. જાહેરાતનું લખાણ ઓફિસ પર ઉપલબ્ધ ફોર્મમાં જ લખી આપવાનું રહેશે. જાહેરખબર પ્રગટ કરવાની સામગ્રી કાર્યાલયમાં આપો ઘાટકોપર ટાઈમ્સ પબ્લિકેશન સેન્ટર

–: ઓફિસ :–

એ-૧, સત્યમ શોપીંગ સેન્ટર, એમ.જી.રોડ, ઘાટકોપર (ઈસ્ટ).

સંપર્ક : ૯૦૨૨૨૭૯૬૮૪

voiceofghatkopar@gmail.com

આ અખબારમાં પ્રગટ થતી જાહેરાત બાબતે કોઈને પણ પૈસા મોકલતા પહેલા, કોઈ ખર્ચ માથે લેતા પહેલા કે કોઈપણ પ્રકારનો કરાર કરતા પહેલા વાચકો પૂરતી પૂછપરછ કરી લે એવો તેમને અનુરોધ છે. એડવર્ટાઈઝરો દ્વારા પોતાની પ્રોડક્ટ અને સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તેના વિશે વોઈસ ઓફ ઘાટકોપર કોઈ જવાબદારી સ્વીકારતું નથી. એડવર્ટાઈઝરો પોતાના દાવામાં ખરા ન ઉતરે એવા સંજોગોમાં કોઈપણ પરિણામ માટે વોઈસ ઓફ ઘાટકોપરના માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક જવાબદાર નહીં ગણાય.

– સંચાલક

## આરોગ્ય

ALLSTAR Shipping Offers Packing and Shifting of House Hold Goods Anywhere In India & Abroad. **Contact : 9867572251.** (1717)529

## મનોરંજન

**Jalsa Event**

Starting Just@7000/- with Singer+DJ+Host make party/celebration/ wedding memorable. **9322600800.** (267)511

## મનોરંજન

**નિર્મલ ઠક્કર**

જૈન સ્તવન, સંગીતસંધ્યા, લગ્નગીત, ભજન, પ્રાર્થના, દરેક પ્રકારના મનોરંજન કાર્યક્રમ માટે. **93239 46210, 98696 66672.** (1801)540

## ધંધાદારી

**દેશ વિદેશ કુરિયર 24x7**

ડોક્યુમેન્ટ્સ, મેડિસીન, કુરિયર, ખાવાપીવાની ચીજ વસ્તુઓ, યુ.કે., યુ.એસ.એ., ઓસ્ટ્રેલીયા મોકલવા. **અનુજ સંગોઈ - ફોન : 8879991866.** પેક એન ડિલેવર. (1761)533

**પ્રતાપ પેકર્સ એન્ડ મુવર્સ**

૪૫ વર્ષથી ઓફિસ ઘર સામાન. **લલીતભાઈ ઠક્કર- 99209 55291, 98210 70320, 98215 43816.** (431)529

Ashish Packers & Movers door to door, All India Service **Mumbai 23784617 / 9320657411, Andheri 9322783239, Borivali 9619079978, Worli 9699428678.** (1808)539

**ACE પેસ્ટીસાઈડ**

૧૯૯૩થી સોસાયટીના સ્પેશ્યાલીસ્ટ ઈંજેક્શનથી – ઉધઈ, માકડ, વાંદાનો જેલથી નાશ. **9220789533, 9029181030.** (1850)542

## રીઅલ એસ્ટેટ

**Tirupati Realtors**

Available/Wanted Offices - Shops on sale & Leave-License 500 to 50,000 ft. **Cont.: 022-2269 5252 / 98206 10810** (1815)539

**શૈલેષ વોરા**

**રીઅલ એસ્ટેટ કન્સલટન્ટ**

ઘાટકોપર ઈસ્ટ/વેસ્ટમાં શોપ, ઓફિસ ફ્લેટ લેવા-વેચવા તેમજ લીવ લાયસન્સ માટે. **શૈલેષભાઈ વોરા : 88985 38335, 90048 38335.** (1813)539

## નોકરી સંબંધી

**OPPORTUNITY !!**

(Ghatkopar) Exclusive for Retired/VRS/NRI/ Bankers & HouseWife To Restart 2nd career. Earn Desire Income + Allowance +Special Training **Call :9594594301.** (1748)532

## મહિલા માટે

**WOMEN START EARNING**

10,000 - 30,000 PM, BECOMING COMMISSION PARTNER PROPERTY CHANNEL PARTNER FIRM. **91522 47683 / 98214 25950.** (1762)534

Exclusive range of gharchola, bandhani, chania-choli, panetar & fancy sarees. **Jyoti Saree, Matunga,** King Circle **Ph.: 2404 3995.** (1812)539

**ઈમિટેશન જ્વેલરી**

સેટ લોંગ બુટ્ટી, બંગડી, કડા, બ્રેસલેટ ૫૦ ટકા ડિસ્કાઉન્ટથી મળશે. સમય ૩ થી ૬. **બીના : 70218 46077.** (1781)536

**ભાડા પર કપડા**

ચણીયાચોલી, ગાઉન, ઈન્ડો વેસ્ટર્ન ભાડેથી મળશે. ભાડુ ૧૦૦૦થી ચાલુ, પૂજા જોડ, કપલ જોડ વેચાતી મળશે. **આરતી શેઠ: 9029678055.** (1781)536

SALE OR EXCHENGE OFFER FOR KURTIES, DUPATTAS AND NIGHTIES **CONTACT 9821468567** OR VISIT OUR STALL AT BHATIA WADI. (P)545

## રીઅલ એસ્ટેટ

**GHATKOPAR**

FLATS - 1/2/3 BHK NEW / OLD. BLDG 80 LAC TO 2.80 CR. RENTAL 25K. TO 75K. COMMERCIAL - INDUSTRIAL - LAND. **NAVGRAHAA REALTY : 91522 47683 / 98214 25950.** (1762)534

**ભાડાનાં સ્પેશિયાલીસ્ટ**

ઘાટકોપરથી ચેમ્બુરમાં રેસીડેન્શીયલ/કમર્શિયલ રૂા.૧૮,૦૦૦થી રૂા.૧,૫૦,૦૦૦ સુધી આપવા લેવા માટે

**ચિંતન દેસાઈ**

**શ્રી મહાલક્ષ્મી રીઅલટર્સ**

**9321234567**

**ઘાટકોપર, વિદ્યાવિહાર, ચેમ્બુર, તીલકનગર, મુલુંડથી માટુંગા**

ફ્લેટ ઓફિસ દુકાન ભાડેથી/ વેચાણથી લેવા - વેચવા. **પંકજ નરેન્દ્ર વોરા - 9321103249.**

## લગ્ન સંબંધી

**યુનિક સગપણ માહિતી કેન્દ્ર**

(યુનીક ગ્રુપ, ચેમ્બુર-ઘાટકોપર) જૈન, વૈષ્ણવ, મારવાડી, ગુજરાતી તથા બધી જ જ્ઞાતીના ઉમેદવાર (કેન્ડીડેટ) લગ્ન માટેનું સચોટ ઠેકાણું. મુકેશ મહેતા : **9920014557.** (B-522)

**વોઈસ ઓફ ઘાટકોપરમાં સ્પેશીયલ ફીચર માટે સંપર્ક - સીંજલ કોઠારી 8655185667**

**સુવર્ણ તક**

માર્કેટમાં ઝડપથી વધુ બિઝનેશ કરતી કંપનીને ફ્રેન્ચાઈઝી આપવી છે ફક્ત રૂા.૮૦,૦૦૦ના રોકાણમાં દિવસનાં ત્રણ થી ચાર કલાક કામ કરી

**સુવર્ણ તક**

માસિક રૂા.30000 થી 60000 કમાવવાની અમૂલ્ય તક

નિવૃત લેડીઝ જેન્ટ્સ તથા દરેક માટે બેસ્ટ બિઝનેશ તક ટુ વ્હિલર આવડતુ હશે તેના માટે બેસ્ટ તક આજે જ મળો

**MEHTA ENTERPRISES**

10/A, Gr. Floor, Kanara Business Center, Laxmi Nagar, Ghatkopar Anderi Link Road, Ghatkopar (East), Mumbai - 400 075.

**9967421409 / 8291440870 / 7623901554**

## ભગવાન મહાવીર દેશના સમિતિ આયોજિત જૈન પર્યુષણ પર્વ ૧૮ દિવસીય આરાધના મહોત્સવનું પાંચ મહાવ્રતોના બોધ પ્રવચન સાથે સમાપન

ભગવાન મહાવીર દેશના સમિતિ દ્વારા છેલ્લાં ૧૮ દિવસથી ચાલી રહેલાં જૈન પર્યુષણ પર્વ આરાધના મહોત્સવનું પાંચ મહાવ્રતોના બોધ પ્રવચન સાથે સમાપન કરવામાં આવ્યું હતું.


શ્રમણ સંઘ પૂજ્ય શ્રી મધુસ્મિતાજી મહાસતીજીના શ્રીમુખેથી મંગલાચરણ તેમજ સુંદર ગીત પ્રસ્તુતિ સાથે આ અવસરનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. પ્રભુ મહાવીર કથિત સિધ્ધાંતોની મહત્તા દર્શાવતાં આ અવસરે રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ, પૂજ્ય આચાર્ય શ્રી શ્રુતસાગરજી મહારાજ સાહેબ, આચાર્ય પૂજ્ય શ્રી પ્રજ્ઞસાગરજી મહારાજ સાહેબ, પૂજ્ય શ્રી સૌરભજી મહારાજ સાહેબ, પૂજ્ય શ્રી દિપેશમુનિજી મહારાજ સાહેબ યુવાચાર્ય પૂજ્ય શ્રી મહેન્દ્રઋષિજી મહારાજ સાહેબ તેમજ આચાર્ય પૂજ્ય શ્રી પ્રણામસાગરજી મહારાજ સાહેબે એક સાથે ઉપસ્થિત રહીને જૈન એકતાના દર્શન કરાવ્યાં હતાં.

લાઈવ પ્રસારણના માધ્યમે આયોજિત આ અવસરે મુખ્ય અતિથિ સ્વરૂપે તીર્થંકર મહાવીર યુનિવર્સિટીના ચાન્સેલર સુરેશજી જૈન, ભારતીય જૈન સંગઠનના રાજેન્દ્રજી લુંકડ સાથે જૈન કોન્ફરેંસના સુભાષજી ઓસવાલ જૈન, અનિલજી જૈન (CA), રાજીવજી જૈન (CA) તેમજ મનોજજી જૈન આદિ મહાનુભાવો વિશેષરૂપે ઉપસ્થિત રહ્યાં હતાં.

આ અવસરે ભગવાન મહાવીર દેશના સમિતિ દ્વારા થઈ રહેલાં જૈન એકતાના કાર્યોની પ્રશસ્તિ કરીને રાષ્ટ્રસંત પરમ ગુરુદેવે અહિંસા સંબંધી પોતાની વિચારધારા વ્યક્ત કરતાં ફરમાવ્યું હતું કે, આપણે કદાચ શસ્ત્રથી કોઈની હિંસા નથી કરતાં પરંતુ કોઈક વ્યક્તિ પ્રત્યેની આપણી અંદરમાં પડેલી નેગેટિવિટીની મેમરીથી વારંવાર હિંસા કરતાં રહીએ છીએ. મેમરી મર્ડર તે ભાવહિંસા છે જે દ્રવ્ય હિંસાથી પણ વધારે ખતરનાક છે. આપણે આવી મેમરીની હિંસાથી મુક્ત બની બ્રોડ વિચારધારાને અપનાવવી છે. આપણી વિચારધારા જ્યારે બ્રોડ બનશે ત્યારે જ જૈન એકતાના આપણાં પુરુષાર્થ સાર્થક બનશે. પંથવાદ તે રોડ પર ચાલવા જેવું છે અને બ્રોડ વિચારધારા તે સ્કાયમાં ફ્લાય કરવા સમાન છે. રોડ સિમિત હોય છે, સ્કાય અસિમીત હોય. પરમાત્મા સ્કાય સ્વરૂપ છે અને સ્કાય સુધી પહોંચવા આપણે મેમરીથી મુક્ત બની બ્રોડ વિચારધારા સાથે ફ્લાય કરવાનું છે.

ઉપરાંતમાં, પૂજ્ય શ્રી શ્રુતસાગરજી મ. સા. એ સત્ય વ્રતનો બોધ આપતાં ફરમાવ્યું હતું કે, સત્ય અને આનંદ આપણી ભીતરમાં જ સમાયા છે. સત્ય સુંદર છે. દરેકની આત્મા અને દરેકની ચેતના એક સમાન છે. આપણે સહુ એક છીએ. આપણે જિનેન્દ્રના અનુયાયી છીએ. આચાર્ય પૂજ્ય શ્રી પ્રજ્ઞસાગરજી મ.સા. એ ચોરી અને અપરિગ્રહ સબંધી બોધ આપીને સમજાવ્યું હતું કે, આપણે જે છીએ એટલે કે આપણાં આત્મા સિવાય કશું મારુ નથી, તે ભાવ અચૌર્ય છે. મારુ નથી તેને મારુ ઘોષિત કરવું તે ચોરી છે.

એ સાથે જ, આ અવસરે સુરેશજી જૈન, રાજેન્દ્રજી જૈન, ડો. મણીન્દ્રજી જૈન તેમજ સુભાષજી ઓસવાલ જૈને પોતાના વિચારોની અભિવ્યક્તિ કરીને સહુના સાથ સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર અવસરનું સુંદર સંચાલન રાજીવજી જૈને કર્યું હતું.



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

જ્યોતિશ વિશારદ્ • વાસ્તુશાસ્ત્રી • જેમોલોજિસ્ટ

**સમીર સેજપાલ : ૯૮૧૯૨૯૮૪૦૪ (તા.૪ સપ્ટેમ્બર – ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૦)**

**મેષ (અ,લ,ઈ) :** અંગત અને નાણાંકીય બાબતોમાં તમે આગળ વધવા સતત પ્રયત્નો કરી રહ્યા છો એ સારી વાત છે. તમે પોતાના ઊજ્જવળ ભવિષ્ય માટે આવશ્યક નાણાં મેળવવા હાથમાં આવનારી તમામ તકો ચકાસી લેશો અને એને કારણે તમારા જીવનમાં નવો વળાંક આવી શકે છે એમ જણાય છે. તમારી કાર્યક્ષમતા અને આકરી મહેનતના વખાણ થશે, એને લીધે તમારો આત્મવિશ્વાસ વધી જશે એવા યોગ છે. જૂના મિત્રો સાથે ફરીથી સંપર્ક તાજો કરવા માટે સમય સારો છે. તમારે વર્તમાનને ધીમેધીમે સુધારીને ઊજ્જવળ ભવિષ્યની તૈયારીઓ શરૂ કરી દેવી જોઈએ એમ સ્પષ્ટ જણાય છે. નોકરિયાતોએ સમય મર્યાદાની અંદર કામ પૂરું કરવા અને ઊપરીઓની એપેક્ષાઓને સંતોષવા વધુ મહેનત કરવી પડશે. **સ્ત્રીવર્ગ માટે :** કોઈપણ બાબતે વધુ પડતા ભાવુક બનવાનું હિતાવહ નથી.

**વૃષભ (બ,વ,ઉ) :** સમય એવો છે કે તમે સંબંધોને સૌથી વધુ મહત્વ આપશો. તમે પ્રિયજનને ખુશ કરવા માટે પ્રયાસ કરશો અને તેમને રીઝવવા માટે કોઈક નવો નુસખો અજમાવશો એમ જણાય છે. તમે મનની વિવિધ ઈચ્છાઓ પૂરી કરવાના મૂડમાં આવી જશો. પરિવાર અને સંતાનો જોડે વધુ સમય ગાળવાની તમારી પ્રબળ ઈચ્છા તો પૂરી થઈ રહી છે, પણ સાથોસાથ મનના કોક ખૂણે આવકની અને કામકાજની ચિંતા પણ તમને મૂંઝવી રહી છે એમ સ્પષ્ટ દેખાય છે. આથી તમે નવી જોબ કે નવો વેપાર કરવાનો પ્રયાસ કરો એવી શક્યતા છે. જૂના પરિચિતોના સંપર્કમાં આવીને નવા સંબંધો બાંધવા માટે સમય સારો છે. તમારું નુકસાન કરવાનો પ્રયાસ કરનારા છૂપા દુશ્મનોથી સાવધ રહેવાની ખાસ જરૂર છે. **સ્ત્રીવર્ગ માટે :** ટેન્શન ટાળવુ અને માનસિક શાંતિ મેળવવા યોગ કે મેડિટેશન કરવાનું સલાહભર્યું રહેશે.

**મિથુન (ક,છ,ઘ) :** તમારો સંવેદનશીલ અને ભાવુક સ્વભાવ તમારી માટે સમસ્યા ખડી કરે એવુ જણાય છે. વાસ્તવમાં તમને પોતાના વિચારો અને લાગણીઓને અન્યો સમક્ષ વ્યક્ત કરવા માટેની ભરપૂર તક મળશે એવા યોગ છે. મારું જો માનતા હો તો નાની-નાની બાબતો અને ક્ષુલ્લક પ્રશ્નોની ચિંતા કરવી નહી. જો ઊપરવાળો તમારી કસોટી કરતો હોય તો એ તમને ખુશીની ભેટ પણ આપશે એ નિશ્ચિત છે. ધૈર્ય રાખી, સકારાત્મક વિચારો સાથે આગળ વધવાના પ્રયાસો કરશો તો જીવનમાં અંગત અને વ્યવસાયી મોરચે બધું સમુંસૂતરુ ચાલતુ રહેશે એ નક્કી છે. શહેરની નજીકના કોઈ સ્થળે અચાનક પ્રવાસે ઊપડી જઈને તમે ચિંતામુક્ત થઈ જવાનો પ્રયાસ કરો એવું પણ શક્ય છે. **સ્ત્રીવર્ગ માટે :** તમે આસપાસના લોકો અને સંબંધીઓના વર્તનથી કદાચ વધારે સંતુષ્ટ નહી હો એમ જણાય છે.

**કર્ક (ડ,હ) :** નાણાંકીય બાબતો તમને મૂંઝવણમાં મૂકી દેશે અને તમારું મગજ આર્થિક બાબતોમાં જ પરોવાયેલુ રહેશે. વિકાસના પથ પર હાલ તમને થોડા અવરોધો પણ નડી શકે છે. વાસ્તવમાં તમારે કામ પ્રત્યે પધ્ધતિસરનો અભિગમ અપનાવવાની જરૂર છે, કારણ કે એ જ રીતે તમે વિવિધ ખલેલ પડતી હોવા છતાં લક્ષ કેન્દ્રિત કરી શકશો એમ જણાય છે. સમય એવો છે કે તમને કોઈ સંબંધ તોડી નાખવાનું મન થશે, પરંતુ તમારે એમ કરવું નહી. આવી બાબતોમાં ઊતાવળિયું પગલું ભરાય નહી, સમજ્યાને? ભાગીદારીમાં કોઈ પણ સાહસ કરવાથી આઘા રહેવું. તમારામાંના અમુક જાતકોની તબિયત નરમ-ગરમ રહેવાની શક્યતા છે. **સ્ત્રીવર્ગ માટે :** તમને રગશિયા ગાડા જેવા જીવનથી કંટાળો આવી ગયો હોવાથી તમે પરિવર્તન લાવવા માગો છો. ટૂંક સમયમાં પ્રવાસે જાઓ એવો યોગ છે.

**સિંહ (મ,ટ)** : તમે પોતાની સામાજિક પ્રતિષ્ઠા અને આર્થિક સધ્ધરતાનું સંબંધીઓ કે મિત્રો સમક્ષ પ્રદર્શન કરવાનું પસંદ કરશો, પરંતુ એના માટે તમારે મોટી કિંમત ચૂકવવી પડશે અને તમે નજરાઈ પણ જશો એમ જણાય છે. તમારું નીચાજોણું કરાવવા માગતા લોકો તમને પછાડવાની રાહ જોઈને જ બેઠેલા છે. આવા સંજોગોમાં કોઈપણ પ્રકારના મોટા કે ખોટા પ્રદર્શનથી દૂર જ રહેવાની સલાહ છે. પ્રેમ સંબંધમાં બંધાયેલી વ્યક્તિઓ પોતાના પ્રિયજનના વિચિત્ર અને અણધાર્યા વર્તનથી પરેશાન થઈ જશે. તમારે પ્રતિક્રિયા આપતી વખતે સાવચેતી રાખવી. તમારામાંના અમુક જાતકોને જો કોઈ બીમારી લાંબા સમયથી પજવી રહી હશે તો વૈકલ્પિક ચિકિત્સામાં ઊપાય મળી રહેવાનો યોગ છે. **સ્ત્રીવર્ગ માટે :** તમારા રોજિંદા જીવનમાં કંટાળો ઘર કરી ગયો હોવાથી કામમાં કોઈક નવું તત્વ ઊમેરવાનો પ્રયાસ કરો તો સારું.

**કન્યા (પ,ઠ,ણ)** : તમારામાં છુપાયેલો આગેવાન બહાર આવશે અને તમે તમારા હાથ નીચેના માણસોને તથા અન્ય લોકોને માર્ગદર્શન આપશો. તમે ઘણા સમયથી જેટલી રાહત અનુભવી નથી એટલી રાહત અત્યારે મળશે. તમારું અક્કડપણું દૂર થઈ જશે અને લવચીકપણું આવશે, જેથી તમારું કામ વધુ આનંદપ્રદ બનશે એવા યોગ છે. તમારી સ્ફુરણા પણ સતેજ રહેશે અને તમે પોતાના કાર્યો સહજતાથી પાર પાડી શકશો અને એ પણ સમય મર્યાદાની અંદર. સમય એવો છે કે તમારા માટે આદર વધશે તથા તમારી કદર થશે અને તમારી પીઠ પણ થાબડવામાં આવે એવી શક્યતા છે. પ્રેમી પંખીડાઓને લગ્નની તારીખ નક્કી કરવા માટેની લીલી ઝંડી મળી રહેશે. **સ્ત્રીવર્ગ માટે :** તમે કોઈ નિકટના સંબંધી કે મિત્રની તબિયત વિશે ચિંતિત રહેશો એમ જણાય છે.

**તુલા (ર,ત)** : હાલ તમારુ સંપૂર્ણ ધ્યાન કારકિર્દીમાં આગળ વધવા પર છે. તમે પોતાના સુવ્યવસ્થિત આયોજનોનો અમલ કરવાનો પ્રયાસ કરી રહ્યા છો. ત્યારે એમાં અસંખ્ય અવરોધો આવી શકે છે. આ સમય થોડો કપરો છે, પરંતુ એ જલ્દી પસાર થઈ જશે એમ જણાય છે. ઊતાવળે આંબા પાકતા નથી એ વાતને ધ્યાનમાં રાખીને આગળ વધવાનો પ્રયાસ કરો. તમે કરેલી મહેનતનું ફળ અને કદર થવામાં વાર લાગી શકે છે, પરંતુ એ મળ્યા વગર નહી રહે એ નક્કી છે. આથી નિરાશ થવું નહી, સમજ્યાને? તમને થોડી સહાનુભૂતિ અને સધિયારાની જરૂર છે ત્યારે તમને મિત્રો અને સંબંધીઓ સાથે સમય વિતાવવાનું મન થઈ શકે છે. **સ્ત્રીવર્ગ માટે :** તમે એકદમ ઊદાર બની જશો અને આત્મીયજનો પાછળ છૂટથી ખર્ચ કરશો. રોકાણનો સવાલ છે ત્યાં સુધી તમારે વિવેકબુધ્ધિનો ઊપયોગ કરવાની સલાહ છે.


**વૃશ્ચિક (ન,ય)** : તમારી સામે વિવિધ સમસ્યાઓ આવીને ઊભી હોવાથી તમે મૂંઝવણ અનુભવી રહ્યા છો. તમારે પોતાના વિચારોની અભિવ્યક્તિ માટે સંવાદના કૌશલ્યને ખીલવવાની જરૂર છે. તમે અત્યારના વેપારને વધારવા વિશે કે કોઈક નવા પ્રકારનો બિઝનેસ શરૂ કરવા વિશે ગંભીરપણે વિચાર કરી રહ્યા છો એમ જણાય છે. જો કે તમારા વિચારોમાં સ્પષ્ટતા આવે ત્યાં સુધી રાહ જોવાની સલાહ છે. તમારે દરેક વ્યવહારમાં ધીરજ અને સર્તકતા રાખવી પડશે. તત્કાળ સફળતા મળે એવી અપેક્ષાઓ છોડી દેવી અને લાંબા ગાળાના લક્ષ્યોને ધ્યાનમાં રાખીને આગળ વધવું, સમજ્યાને? કુંવારા જાતકોના લગ્ન માટેની વાત આગળ વધી શકે છે. **સ્ત્રીવર્ગ માટે :** તમારા સંતાનો તેમની તોફાન મસ્તીથી અને અભ્યાસમાં જોઈએ એટલુ ધ્યાન નહીં આપીને તમને ચિંતા કરાવશે. તમારે તેમને જોરદાર ઠપકો આપવાની જરૂર છે.

**ધન (ભ,ધ,ફ,ઢ)** : તમારે જેની સાથે કંઈ લેવા-દેવા ન હોય એવા ઝઘડામાં કે વિષયમાં સંડોવાવુ પડે એવી શક્યતા છે. તમને ક્યાંય પણ વિવાદ સર્જાતો દેખાય ત્યાંથી તમારે દૂર ચાલ્યા જવાની સલાહ છે. તમારા જીવનમાં કેટલાક પડકારો આવી શકે છે જેને કારણે તમારે તમારા વર્તનમાં ફેરફાર કરવા પડશે. કામના સ્થળે તમારે બાંધછોડ કરવી પડશે અને બધા સાથે મેળ પડે એ રીતે વર્તવુ પડશે એમ દેખાય છે. ખાસ કરીને જેમની કાર્યશૈલી અલગ પ્રકારની હોય તેમની સાથે તમારે વધારે બાંધછોડ કરવી પડશે એવા યોગ છે. નોકરિયાતોને નવી નોકરીના વિકલ્પો વિશે વિચારવાનું મન થશે, પરંતુ મારી દ્રષ્ટીએ તમે હાલ જ્યાં છો ત્યાં જ ટકી રહેવુ સારું. **સ્ત્રીવર્ગ માટે :** મહેનત કરવાને લીધે તમને ઘણો થાક વર્તાય એવી શક્યતા છે. એવામાં તમારે તાજામાજા થવા માટે કંઈક કરવું પડશે. ઉત્સાહ ટકી રહે એ માટે મનગમતી પ્રવૃત્તિ કરો તો સારું.

**મકર (ખ,જ)** : પ્રેમીપંખીડાઓ માટે સમય ઘણો જ સારો છે. પરસ્પર કોલ આપી ચૂકેલી વ્યક્તિઓ સંબંધને નવી ઊંચાઈએ લઈ જઈ શકે છે. પરિણીત વ્યક્તિઓને જીવનસાથી સાથે નિકટની પળો માણવાની તક મળશે, જ્યારે કુંવારાઓ નવો પ્રેમ સંબંધ બાંધી શકે છે એવા યોગ છે. હાલ તમારે પરિવારની મહત્વકાંક્ષાઓ અને આવશ્યકતાઓ પર ખાસ ધ્યાન આપવાની જરૂર છે. કંઈક નવું કરવા માટે તથા આરોગ્યપૂર્ણ જીવનશૈલી અપનાવવા માટે અત્યારનો સમય પર્ફેક્ટ જણાય છે. નોકરિયાતોને આગામી દિવસોમાં પગાર વધારો કે બઢતી મળવાના યોગ છે. વિદ્યાર્થી મિત્રોએ અભ્યાસમાં આળસ ન કરવી અને સખત મહેનત કરવાનો આગ્રહ રાખવો. **સ્ત્રીવર્ગ માટે :** હાલ લાગણીઓનું જોર રહેશે અને તમે મનમાં ભરી રાખેલો ઊભરો બહાર ઠાલવી દેશો એમ જણાય છે. તમારે પોતાના વિચારો અને મંતવ્યો વ્યક્ત કરવામાં જરાય કચાશ રાખવી નહીં.

**કુંભ (ગ,સ,શ,ષ)** : હાલ તમે અર્થિક બાબતોને મહત્વ આપી રહ્યા છો અને આવક કઈ રીતે વધે એ માટેના રસ્તાઓ શોધી રહ્યા છો એમ દેખાય છે. તમારા જીવનમાં લાંબો નીરસ તબક્કો ચાલ્યા બાદ હવે અમુક સારા બનાવો બનવાની શક્યતા છે. તમારે ભૂતકાળ ભૂલીને વર્તમાનનો આનંદ માણવા પોતાની જાતને તૈયાર કરવાની જરૂર જણાય છે. તમે જે કાર્યનો આરંભ કરશો એને પૂરું કરવા માટેની આવડત અને કુશળતા પણ તમારી પાસે છે એમ સ્પષ્ટ જણાઈ રહ્યુ છે. તમારે જેટલા ઊંચા રખાય એટલા ઊંચા લક્ષ્યો રાખવાની સલાહ છે. તમે તમામ લક્ષ્યો હાંસલ કરી શકો એવો યોગ સર્જાઈ રહ્યો છે, સમજ્યાને? **સ્ત્રીવર્ગ માટે :** તમારે સંબંધો સાચવવા પર ધ્યાન આપવું. ખરું પૂછો તો અમુક સંબંધોમાં આમૂલ પરિવર્તન આવશે. અણધારી જગ્યાએથી તમને સહકાર મળવાનો હોવાથી તમે રિલેક્સ રહેશો.

**મીન (દ,ચ,ઝ,થ)** : તમારી આસપાસના અમુક લોકો અચાનક જ તમારી સાથે સારો વ્યવહાર કરવા લાગશે કે મીઠું મીઠું બોલવા લાગશે. એમના બદલાયેલા હાવભાવ જોઈને તમને પણ આશ્ચર્ય થશે એ નક્કી છે. વાસ્તવમાં તમારે સ્વજનોના વર્તન પાછળના ઈરાદાઓને સ્પષ્ટપણે સમજવા માટે તેમની વિચારસરણીને સમજવી જરૂરી બની રહે છે. તમારા સરળ સ્વભાવનો કોઈ લાભ લેવાનું વિચારી રહ્યો હોય તો સાવધ થઈ જવાની જરૂર છે. તમે પોતાના બહોળા અનુભવની મદદથી યોગ્ય નિર્ણયો લેજો અને કોઈપણ બાબતે ઊતાવળ ન કરજો એવી મારી ખાસ સલાહ છે. કોઈપણ સંજોગોમાં તમારે પોતાની માન્યતાને દ્રઢપણે વળગી રહેવું. ધીરજ રાખવી અને પ્રતિકૂળ બનાવોથી હતાશ થવુ નહી, સમજ્યાને? **સ્ત્રીવર્ગ માટે :** હાલનો મોટા ભાગનો સમય તમે અંતરમનમાં ડોકિયું કરવામાં વિતાવશો, પરંતુ તમને કેટલીક સમસ્યાઓનો હલ નહી મળે. યાદ રહે, શ્રધ્ધા રાખીને જગ જીતી શકાય છે.




# શ્રીમદ્ રાજચંદ્ર વિચાર રત્નો

– સંકલન : વિજય બોટાદરા

- ધર્મનું મૂળ વિ. છે.
- તેનું નામ વિદ્યા કે જેનાથી અવિદ્યા પ્રાપ્ત ન થાય.
- વીરના એક વાક્યને પણ સમજો.
- અહંપદ, કૃતઘ્નતા, ઉત્સૂત્રપ્રરૂપણાસ અવિવેક ધર્મ એ માઠી ગતિનાં લક્ષણો છે.
- સ્ત્રીનું કોઈ અંગ લેશમાત્ર સુખદાયક નથી છતાં મારો દેહ ભોગવે છે.
- દેહ અને દેહાર્થમમત્વ એ મિથ્યાત્વ લક્ષણ છે.
- અભિનિવેશના ઉઘમાં ઉત્સૂત્રપ્રરૂપણા ન થાય તેને હં મહાભાગ્ય, જ્ઞાનીઓના કહેવાથી કહું છું.
- સ્યાદ્વાદ શૈલીએ જોતાં કોઈ મત અસત્ય નથી.
- સ્વાદનો ત્યાગ એ આહારનો ખરો ત્યાગ જ્ઞાનીઓ કહે છે.
- અભિનિવેશ જેવું એક્કે પાખંડ નથી.
- આ કાળમાં આટલું વધ્યું ઝાઝા મત, તત્વજ્ઞાનીઓ, ઝાઝી માયા અને ઝાઝો પરિગ્રહ વિશેષ.
- તત્તવાભિલાષાથી મને પૂછો તો હું તમને નીરાગી ધર્મ બોધી શકું ખરો.
- આખા જગતના શિષ્ય થવારૂપ દ્રષ્ટિ જેણે વેદી નથી તે સદ્ગુરૂ થવાને યોગ્ય નથી.
- કોઈ પણ શુદ્ધાશુદ્ધ ધર્મકરણી કરતો હોય તો તેને કરવા દો.
- આત્માનો ધર્મ આત્મામાં જ છે.
- મારા પર સઘળા સરળ ભાવથી હુકમ ચલાવો તો હું રાજી છું.
- હું સંસારથી લેશ પણ રાગસંયુક્ત નથી છતાં તેને જ ભોગવું છું. કાંઈ મેં ત્યાગ્યું નથી.
- નિર્વિકારી દશાથી મને એકલો રહેવા દો.
- મહાવીરે જે જ્ઞાનથી આ જગતને જોયું છે તે જ્ઞાન સર્વ આત્મામાં છે, પણ આવિર્ભાવ કરવું જોઈએ.
- બહુ છકી જાઓ તો પણ મહાવીરની આજ્ઞા તોડશો નહીં. ગમે તેવી શંકા થાય તો પણ મારી વતી વીરને નિઃશંક ગણજો.
- પાર્શ્વનાથ સ્વામીનું ધ્યાન યોગીઓએ અવશ્ય સ્મરવું જોઈએ છે.
- ગજસુકુમારની ક્ષમા અને રાજેમતી રહનેમીને બોધે છે તે બોધ મને પ્રાપ્ત થાઓ.




# VOG connect

An Exclusive Digital Edition of Voice Of Ghatkopar Newspaper

# Business Down Because of LOCKDOWN ???



## Advertise & Give Immunity to your Business

લોકલ બિઝનેસને બુસ્ટ આપવા વોઈસ ઓફ ઘાટકોપરની અનોખી પહેલ

વોઈસ ઓફ ઘાટકોપરના **40000** સુધી પહોંચ ધરાવતા નેટવર્કમાં
સોશ્યલ મિડીયા માર્કેટીંગની અમુલ્ય તક

ફક્ત રૂા. 500/-
Size : 10 cm x 8 cm

પર એક સાથે જાહેરાતની અમુલ્ય તક

ફક્ત રૂા. 500/-
Size : 10 cm x 8 cm

**To Advertise in VOG Connect, Cotact 9022279684**

**First Ever E-edition Shared On All Leading Social Media Plateform at Lower Price**

Printed & Published by **Jayant Visanji Chheda,** Owned & Edited by **Jatin Jitendra Kothari** and Printed at : **MID DAY Infomedia Limited.,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701. and Published at 601, Abhinandan Apt., Sarvodaya Nagar, Mulund (West), Mumbai - 400 080. • **E-mail : voiceofghatkopar@gmail.com • RNI : MAHGUJ/2008/28113**